અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ નવેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૯ | અંક : ૧૪૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મહાવિકાસ અઘાડીને ચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો

## મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળ મહાયુતિ ગઠબંધનને જંગી બહુમતી

**એકનાથ શિંદેએ કહ્યું કે, ત્રણેય પાર્ટીઓ મળીને નિર્ણય લેશે : તેમણે એવું પણ કહ્યું કે, એ નક્કી નથી કે જેની વધારે સીટો આવી છે, સીએમ તેમનો જ બનશે**





। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે. ભાજપની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન ફરીથી સરકાર બનાવવાના માર્ગે છે. ભાજપ, શિવસેના અને NCP (અજિત પવાર) એ ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને ૨૨૦ થી વધુ બેઠકો પર લીડ મેળવી છે. મહાવિકાસ અઘાડી (MVA)નું પ્રદર્શન ઘણું નિરાશાજનક હતું અને માત્ર ૫૧ બેઠકો પર આગળ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળા ગઠબંધન મહાયુતિએ શાનદાર જીત નોંધાવી છે. રાજ્યમાં ફરી એક વાર તેમની સરકાર બનતી દેખાઈ રહી છે. ૨૮૮ સીટોવાળી મહારાષ્ટ્ર વિધાનસભામાં મહાયુતિને ૨૦૦થી વધારે સીટ મળી રહી છે. તો વળી મહાવિકાસ અઘાડીને ૭૦થી ઓછી સીટો મળી રહી છે. રાજ્યમાં બંપર જીત બાદ મહાયુતિમાં હવે સીએમ પદને લઈને મહામંથન શરુ થઈ ગયા છે. એકનાથ શિંદેએ કહ્યું કે, “ત્રણેય પાર્ટીઓ મળીને નિર્ણય લેશે.” તેમણે એવું પણ કહ્યું કે, “એ નક્કી નથી કે જેની વધારે સીટો આવી છે, સીએમ તેમનો જ બનશે.”


અજિત પવારે કહ્યું કે, “અમે રેકોર્ડ તોડ્યા છે. મોદી સરકાર અમારા માટે મજબૂત આધાર છે. મહારાષ્ટ્રમાં પહેલી વાર આવી જીત મળી છે.” તેમણે આગળ કહ્યું કે, “મહારાષ્ટ્રની જનતાએ વિકાસ જોયો અને મહાયુતિને સફળતા અપાવી. રાજ્યને ગરીબ બનાવવા માટે અમારી ટીકાઓ કરી. પ્યારી બહેન યોજના ગેમચેન્જર સાબિત થઈ. વિરોધીઓને પતન થઈ ગયું.”

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, તમામ સાધુ સંતોના આશીર્વાદ મળ્યા, એકનાથ શિંદે, અજિત પવાર સહિત તમામ નાની પાર્ટીની એકજૂટતાની જીત છે. અમિત શાહ, રાજનાથ સિંહ, નડ્ડા, ભૂપેન્દ્ર યાદવ, ગડકરીજી, પીયૂષ ગોયલનો આભાર માર્ગદર્શન આપવા માટે. અમારા નેતાઓએ ફક્ત ભાજપની જ નહીં પણ તમામ દોસ્તોની સીટ પર કામ કર્યું, જેનાથી આ જીત મળી. હું આધુનિક અભિમન્યૂ છું, જે ચક્રવ્યૂહને તોડવાનું જાણું છું અને મેં તોડી નાખ્યું છે. દેવેન્દ્ર ફડણવીસે સીએમ પદને લઈને કહ્યું કે, કોઈ વિવાદ નથી. અમિત શાહે પહેલા જ કહ્યું હતું કે, સીએમની ચૂંટણી બાદમાં નક્કી થશે. વરિષ્ઠ નેતા નિર્ણય લેશે.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પહેલા જૂન મહિનામાં લોકસભા ચૂંટણીના પરિણામોમાં મહાયુતિને રાજ્યમાં જોરદાર ફટકો પડ્યો હતો, ત્યાર બાદ સવાલો ઉઠી રહ્યા હતા કે શું મહાયુતિ વિધાનસભા ચૂંટણીમાં વાપસી કરી શકશે? સામાન્ય ચૂંટણીઓમાં, કોંગ્રેસ ૧૩ બેઠકો જીતીને મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી બની, જ્યારે સહયોગી શિવસેના (UBT) ૯ અને શરદ પવારની NCP ૮ બેઠકો જીતી. અજિત પવારની એનસીપી માત્ર એક, શિવસેના પાસે સાત બેઠકો અને ભાજપ માત્ર નવ બેઠકો સુધી મર્યાદિત હતી. હવે, ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને માત્ર છ મહિનામાં હારેલી બાજીને જીતમાં ફેરવી દીધી છે. વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જીતના ઘણા કારણો છે તે જાણીએ. મહારાષ્ટ્ર સરકારે ૨૮ જૂન ૨૦૨૪ના રોજ ‘મુખ્યમંત્રી મારી લાડકી બહેન યોજના’ શરૂ કરવાની મંજૂરી આપી હતી. આ યોજના દ્વારા, મહારાષ્ટ્રમાં ૨૧ થી ૬૫ વર્ષની વયની મહિલાઓના પરિવારની વાર્ષિક આવક રૂ. ૨.૫૦ લાખથી વધુ ન હોય તેમને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવે છે. આથી એવું માનવામાં આવી રહ્યું છે કે આ યોજનાના કારણે મહિલાઓનો એકતરફી વોટ મહાયુતિની તરફેણમાં ગયો હતો. વિધાનસભા ચૂંટણી પહેલા શિંદે સરકારે વધુમાં વધુ મહિલાઓને આ યોજનાનો લાભ મળે તે માટે કામ કર્યું હતું અને હવે તેની અસર ચૂંટણીમાં પણ જોવા મળી રહી છે. મહારાષ્ટ્ર પહેલા આ જ યોજનાએ મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપને બમ્પર જીત અપાવી હતી. બાંગ્લાદેશમાં હિંદુઓ પર હિંસા બાદ યુપીના સીએમ યોગી આદિત્યનાથે ‘બટોગે તો કટોગે’નો નારો આપ્યો હતો.

### મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામો પર મોદીનું મોટું નિવેદન

## વડાપ્રધાન મોદીએ આ પરિણામને વિકાસ-સુશાસનની જીત ગણાવી



મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી તથા અન્ય રાજ્યમોમાં યોજાયેલ પેટાચૂંટણીમાં પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને જનતા અને NDAના કાર્યકર્તાઓનો આભાર માન્યો છે. પીએમ મોદીએ આ પરિણામને વિકાસ અને સુશાનનની જીત જણાવતા કહ્યું કે, આ પરિણામ NDAની જનહિતકારી નીતિઓ પર જનતાનો વિશ્વાસ દર્શાવે છે. મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનની શાનદાર સફળતા અને ઝારખંડમાં હેમંત સોરેનની આગેવાની હેઠળના ગઠબંધનની લીડ પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. વાસ્તવમાં મહારાષ્ટ્રમાં NDAના મહાયુતિ ગઠબંધને ૨૦૦થી વધુ સીટો પર લીડ મેળવી છે. પીએમ મોદીએ ટ્વિટ કરીને કી મહારાષ્ટ્રની જનતા, ખાસ કરીને યુવાનો અને મહિલાઓનો ઐતિહાસિક જનાદેશ માટે આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રની પ્રગતિ માટે અમારું ગઠબંધન કામ કરતું રહેશે. જય મહારાષ્ટ્ર! ઝારખંડમાં પણ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતું જોવા મળી રહ્યું છે. અહીં હેમંત સોરેનની આગેવાની હેઠળનું ગઠબંધન ૪૦થી વધારે બેઠકો પર આગળ ચાલી રહ્યું છે, જ્યારે NDA ૩૦થી વધુ બેઠકો પર આગળ છે. પીએમ મોદીએ ઝારખંડના લોકોનો આભાર માનતા ટ્વીટ કર્યું કે, "અમે હમેંશા રાજ્યના લોકોની સમસ્યાઓને ઉઠાવવામાં અને તેમના માટે કામ કરવામાં અગ્રેસર રહીશું." આ ઉપરાંત તેમણે હેમંત સોરેન અને તેમની પાર્ટીને તેમના પ્રદર્શન માટે અભિનંદન પાઠવ્યા હતા. પીએમ મોદીએ પેટાચૂંટણીમાં દ્રફ્છના પ્રદર્શનને પણ જનતાનો વિશ્વાસ બતાવ્યો છે. તેમણે લખ્યું કે, "NDAની જનહિતકારી નીતિઓ દેશભરમાં ગુંજી રહી છે. જનતાના સપના અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે અમે કોઈ કસર છોડીશું નહીં." ઉત્તરપ્રદેશની નવ વિધાનસભા બેઠકો પર ભાજપે સાત બેઠકો પર આગળ રહીને વિપક્ષને કાંટાની ટક્કર આપી છે, જ્યારે અન્ય રાજ્યોની પેટાચૂંટણીઓમાં પણ NDAનું પ્રદર્શન અસરકારક રહ્યું છે. વડાપ્રધાને NDA કાર્યકર્તાઓના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે, તેઓએ જનતાની વચ્ચે સખત મહેનત કરી અને સુશાસનનો એજન્ડા રજૂ કર્યો. તેમના મતે આ જીત એનડીએની નીતિઓની સફળતા જ નહીં પરંતુ જનતાના વિશ્વાસનું પ્રમાણ પણ છે. આ પરિણામો પછી એ સ્પષ્ટ છે કે દ્રફ્છનો વિજયી રથ આગળ વધી રહ્યો છે અને તે જનહિતના મુદ્દાઓ પર કેન્દ્રિત રહેશે.

### એક હે તો સેફ હે, મોદી હે તો મુમકીન હે : દેવેન્દ્ર ફડણવીસ



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત તરફ આગળ વધી રહેલા ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ તરફથી પહેલી મોટી પ્રતિક્રિયા આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની ખુશી વ્યક્ત કરી રહી છે મોદી હોય તો શક્ય છે! ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી જે ટ્રેન્ડ સામે આવ્યા છે તેમાં બીજેપીની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન ૨૮૮માંથી ૨૨૧ સીટો પર આગળ ચાલી રહ્યું છે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડી એટલે કે સ્ફછ ૫૬ સીટો સુધી સીમિત જણાય છે. મહત્વનું છે કે મહારાષ્ટ્રમાં પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપે ‘બટેંગે તો કટેંગે’ અને ‘એક હૈ તો સૈફ હૈ’ જેવા નારા આપ્યા હતા. મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં ભાજપ અને તેના સહયોગી દળોએ ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું હતું. આવી સ્થિતિમાં આ પરિણામો પાર્ટીના કાર્યકરોનો ઉત્સાહ વધારશે. લોકસભા ચૂંટણીમાં ભાજપે કુલ ૨૪૦ સીટો જીતી હતી. રાજકીય રીતે મહત્વપૂર્ણ પશ્ચિમી રાજ્ય મહારાષ્ટ્ર ૪૮ સાંસદોને લોકસભામાં મોકલે છે અને સંસદીય ચૂંટણીમાં સ્ફછ ને ૩૦ બેઠકોની નિર્ણાયક જીત તરફ દોરી ગયું હતું પરંતુ આ વખતે વલણ બદલવાનું નક્કી કર્યું છે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પોતાના દમ પર ૧૨૫ બેઠકો પર આગળ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના વલણો પર, શિવસેના UBT નેતા સંજય રાઉતે શનિવારે આરોપ લગાવ્યો કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ‘મોટું ષડયંત્ર’ છે અને ‘કંઈક ખોટું લાગે છે’.

### ત્રણ પર કોંગ્રેસની ડિપોઝિટ પણ ગઈ

## રાજસ્થાનની પેટા ચૂંટણીની ૭ માંથી ૬ બેઠક ઉપર કેસરિયો

। નવી દિલ્હી, તા.૨૩ ।

રાજસ્થાનની સાત વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી. આ તમામ બેઠકોનું આજે પરિણામ સામે આવ્યું છે. જેમાં સાતમાંથી છ બેઠક પર ભાજપે પોતાના કબ્જે કરી લીધી છે. આ સાત વિધાનસભા બેઠકમાંથી ફક્ત એક જ બેઠક પહેલાં ભાજપના ખાતામાં હતી અને ૪ બેઠક કોંગ્રેસ તેમજ ૧-૧ બેઠક RLP અને ઈત્નહ્ઢ પાસે હતી. જોકે, પેટાચૂંટણીના પરિણામમાં ભાજપે બધાંને ધોબીપછાડ આપી સાતમાંથી છ બેઠકો પર જીત હાંસલ કરી છે. જ્યારે કોંગ્રેસના હાથમાં જે ચાર બેઠક હતી તેમાંથી હવે એક જ વધી છે. આ ઉપરાંત કોંગ્રેસના એક ઉમેદવારે ડિપોઝિટ ગુમાવવાનો પણ વારો આવ્યો છે. છ બેઠક ભાજપે કબ્જે કરી છે તેમાં રાજસ્થાનની ઝુંઝુનૂ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવારે ૪૨,૫૯૯ મતની લીડ સાથે જીત મેળવી છે.

### સીએમ આવાસે પહોંચ્યા પાર્ટીના નેતા

## બિહાર પેટાચૂંટણી : તમામ ૪ સીટો પર NDAની જીત

। પટણા, તા. ૨૩ ।

બિહારમાં NDA ગઠબંધન માટે મોટા સમાચાર આવ્યા છે. રાજ્યની ૪ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં એનડીએના ઉમેદવારોએ તમામ બેઠકો જીતી લીધી છે. બિહારમાં બેલાગંજ, ઈમામગંજ, રામગઢ અને તરરી વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે બિહારમાં આવતા વર્ષે ૨૦૨૫માં વિધાનસભા ચૂંટણી યોજાશે. આવી સ્થિતિમાં પેટાચૂંટણીમાં તમામ સીટો પર એનડીએના ઉમેદવારોની જીતથી આરજેડી-કોંગ્રેસ ગઠબંધનને મોટો ફટકો પડ્યો છે. બેલાગંજ વિધાનસભા પેટાચૂંટણીમાં જનતા દળ (યુનાઈટેડ)ના મનોરમા દેવીને ૭૩૩૩૪ મત મળ્યા છે. તેઓ ૨૧૩૯૧ મતોથી ચૂંટણી જીત્યા હતા. બીજા સ્થાને રાષ્ટ્રીય જનતા દળના વિશ્વનાથ કુમાર સિંહ હતા જેમને ૫૧૯૪૩ મત મળ્યા હતા.

### કોંગ્રેસે જીતી લીધી તમામ બેઠકો

## કર્ણાટકમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો

। બેંગલુરુ, તા.૨૩ ।

કર્ણાટકમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને તેના સહયોગી જનતા દળ (સેક્યુલર)ને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીએ રાજ્યની સંદુર અને શિગગાંવ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી લડી હતી અને પાર્ટીને બંને બેઠકો પર કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. તે જ સમયે, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને વર્તમાન કેન્દ્રીય પ્રધાન એચડી કુમારસ્વામીના પુત્ર નિખિલ કુમારસ્વામીએ રાજ્યની ચન્નાપટના બેઠક પરથી ચૂંટણી લડી હતી, પરંતુ તેમને પણ કોંગ્રેસના ઉમેદવારના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. આ રીતે, જ્યાં એક તરફ ભાજપ ગઠબંધન સંપૂર્ણ પણે નિરાશ થયું હતું, તો બીજી તરફ કોંગ્રેસે મોટી માનસિક જીત નોંધાવી હતી. ચન્નાપટનાથી ચૂંટણી લડી રહેલા એચડી કુમારસ્વામીના પુત્ર નિખિલ કુમારસ્વામીને તેમના હરીફ અને કોંગ્રેસના ઉમેદવાર સીપી યોગેશ્વરે ૨૫૪૧૩ મતોના માર્જિનથી હરાવ્યા હતા.

## સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદની હાર

। મુંબઈ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર માટે આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે એટલે કે ૨૩મી નવેમ્બરે રાજ્યની રાજકીય ખુરશી નક્કી કરવાની છે કે સત્તામાં કોણ આવશે. ૨૦ નવેમ્બરે યોજાનાર મતદાનની ગણતરી ચાલી રહી છે. રાજકીય પક્ષો માટે ૨૮૮ બેઠકો મહત્વની છે. આમાં અનુશક્તિ નગર વિધાનસભા સીટ હતી, જેના પર લોકોની નજર ટકેલી હતી. બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદ અહીંથી ચૂંટણી મેદાનમાં હતા. અહીં તેમનો રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સના મલિક સાથે જોરદાર મુકાબલો થયો હતો.

### સંસદ પહોંચનારા ગાંધી પરિવારના ૯મા સભ્ય બન્યા

## વાયનાડમાં પ્રિયંકા ગાંધીની સુનામી, ચાર લાખ કરતા વધુ વોટથી જીત

। વાયનાડ, તા.૨૩ ।

દેશની બે અત્યંત મહત્ત્વની લોકસભા બેઠક વાયનાડ અને નાંદેડ પર યોજાયેલી પેટાચૂંટણીના આજે પરિણામ જાહેર થયા છે. જેમાં કેરળની વાયનાડ બેઠક ખૂબ જ મહત્ત્વની છે. વાયનાડ બેઠક પરથી જ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ૬૧૭૯૪૨ મત મેળવીને ડાબેરી મોરચા સત્યન મોકેરી અને ભાજપના નવ્યા હરિદાસને હરાવ્યા છે. ગાંધી પરિવારમાંથી જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી,



ફિરોઝ ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, મેનકા ગાંધી, વરુણ ગાંધી અને રાહુલ ગાંધી રાજકારણમાં આવી ચૂક્યા છે. હવે પ્રિયંકા ગાંધી પોતાના રાજકારણની શરૂઆત દેશના દક્ષિણ ભાગથી કરશે. નોંધનીય છે કે આ જ બેઠક પરથી તેમના ભાઈ રાહુલ ગાંધી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૩,૬૪,૪૨૨ મતોથી વિજયી થયા હતા. જયારે પ્રિયંકા ગાંધીએ ૪,૦૮,૦૩૬ મતોથી લીડ મેળવી છે. આ ચૂંટણી દ્વારા પ્રિયંકા ગાંધીએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. જો પ્રિયંકા ગાંધી આ ચૂંટણી જીતતા એવું પહેલીવાર બન્યું કે ગાંધી પરિવારના બધા જ સભ્યો એટલે કે સોનિયા ગાંધી, રાહુલ અને પ્રિયંકા ત્રણેય સંસદ સભ્ય બનશે.

### ભાજપને ઝારખંડમાં હારનો સામનો કરવો પડ્યો

## JMMના નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધને એકવાર ફરીથી સત્તામાં વાપસી કરી

**ચૂંટણીના થોડા મહિના પહેલા જેલમાંથી બહાર આવેલા હેમંત સોરેન માટે સહાનુભૂતિએ કામ કર્યું અને ભાજપને તે ઝટકો મળ્યો**

। રાંચી, તા.૨૩ ।

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ઝારખંડ મુક્તિ મોરચા (JMM)ના નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધને એકવાર ફરીથી સત્તામાં વાપસી કરી છે અને હેમંત સોરેન કબજો જાળવી રાખવામાં સફળ રહ્યા છે. શરૂઆતમાં કાંટાની ટક્કર આપતું એનડીએ પછી તો જાણે સતત પછડાતું ગયું. ચૂંટણી પંચની વેબસાઈટ મુજબ JMM ૩૪ સીટ પર આગળ કે જીત મેળવી રહ્યું છે, જ્યારે કોંગ્રેસ ૧૫ સીટ પર આગળ છે. ભાજપ ૨૨ સીટ પર આગળ છે. આરએલડી ૪ સીટ પર આગળ છે. લોક જનશક્તિ



પાર્ટી (રામવિલાસ) પાર્ટી ૧ સીટ પર, AJSU પાર્ટી ૧ સીટ પર જ્યારે અન્ય પર અધર્સ આગળ છે. પરંતુ એવું તે શું કારણ છે કે ઝારખંડમાં ભાજપની રાજકીય પકડ એકવાર ફરીથી નબળી જોવા મળી રહી છે અને કયા કારણસર ભાજપ હેમંત સોરેનના કિલ્લાને હલાવી શકી નહીં. ખાસ જાણો... ચૂંટણીના થોડા મહિના પહેલા જેલમાંથી બહાર આવેલા હેમંત સોરેન માટે સહાનુભૂતિએ કામ કર્યું અને ભાજપને તે ઝટકો મળ્યો. હેમંત સોરેન ૮.૩૬ એકર જમીનના ગેરકાયદેસર કબજા સંલગ્ન મની લોન્ડરિંગ મામલે ઈડીએ ૩૧ જાન્યુઆરીના રોજ ધરપકડ કરી હતી, ત્યારબાદ ભાજપને તેમના વિરુદ્ધ એક મજબૂત હથિયાર મળી ગયું અને પાર્ટી સતત ભ્રષ્ટાચારના આરોપો લઈને હુમલો કરતી રહી. પરંતુ આ રણનીતિ ઊંધી પડી અને જ્યારે સોરેન જેલમાં હતા.

# GSTના અધિકારી અને ખેડૂતો વચ્ચે બોલાચાલી થઇ

। (એજન્સી) અમરેલી, તા.૨૩ ।

અમરેલીમાં ખેડૂતો મામલે GST ના અધિકારીઓ અને સાંસદ વચ્ચે તડાફડી થઈ હોવાની ઘટના સામે આવી છે. અમરેલી બાયપાસ પાસેથી પસાર થતાં ખેડૂતોના વાહનોને અટકાવીને GSTના અધિકારીઓ ચેકિંગ કરીને ખોટી રીતે હેરાન કરતા હોવાની રજૂઆત કરાતાં સાંસદ ભરત સુતરિયા ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને અધિકારીઓને જાહેરમાં તતડાવી નાંખ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. અમરેલી બાયપાસ વિસ્તારમાંથી પસાર થતા ખેડૂતો અને કેટલાક વેપારીઓના વાહનોને GST વિભાગના મોબાઈલ સ્કવોડના અધિકારીઓ ચેકિંગ કરતા હતા, જેમાં વેપારીઓના ચેકિંગ દરમિયાન ખેડૂતોના પણ કેટલાક ડોક્યુમેન્ટ માંગતા વિવાદ સર્જાયો હતો. જેને લઈને ખેડૂતોએ સાંસદ ભરત સુતરિયાને ફોન કરીને GST ના અધિકારીઓ ખેડૂતોને હેરાન કરતા હોવાની રજૂઆત કરી હતી. ખેડૂતોની રજૂઆત મળતાં જ સાંસદ ભરત સુતરિયા તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ઘટનાસ્થળે દોડી આવેલા સાંસદ ભરત સુતરિયા અધિકારીઓ પર રોષે ભરાયા હતા અને જણાવ્યું હતું કે, તમે ભલે વેપારીઓનું ચેકિંગ કરો પણ ખેડૂતોને હેરાન ન કરશો. ખેડૂતો ક્યારેય સાત-બારના ડોક્યુમેન્ટ સાથે લઈને નહીં ફરે. તમારે પકડવા હોય તો પકડી



લેજો અને મારા નામની ફરિયાદ ફાડી નાંખજો. તમે મહેરબાની કરીને ખેડૂતોને હેરાન ન કરતાં, તમે ગમે ત્યાં ખેડૂતોને ઉભા રાખીને હેરાન કરો છો એ ચલાવી નહીં લેવાય. આ બાદ મામલો થાળે પડ્યો હતો. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે.અમરેલીના સાંસદ ભરત સુતરિયાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો શીંગ લઈને જતા હતા ત્યારે GSTના અધિકારીઓ ખેડૂતો પાસે સાત-બારના ઉતારા માંગતા હતા અને ખેડૂતોને હેરાન કરતા હતા એવી ફરિયાદ મને મળી હતી. ફરિયાદ મળતાં મારે જવું પડ્યું હતું.

ત્યાં બીજા વેપારીઓનું ચેકિંગ ચાલતું હતું તેની સામે મને કોઈ વાંધો નથી, પણ ખેડૂતોને હેરાન કરે એ ક્યારે ન ચલાવી લેવાય.અમરેલીના સાંસદ ભરત સુતરિયા લાઠીના જરખિયા ગામના વતની અને લેઉવા પાટીદાર સમાજમાંથી આવે છે. ખેડૂત પરિવારમાંથી આવતા ભરત સુતરિયા ખેતી સાથે સંકળાયેલા છે. જેમને ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો છે. જેઓ ૧૯૯૧થી ભાજપના કાર્યકર છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૧ સુધી તાલુકા મહામંત્રી, ૨૦૧૦થી ૨૦૧૫ સુધી તાલુકા પંચાયત પ્રમુખ, વર્ષ ૨૦૧૯થી નગરપાલિકા પ્રભારી સહિત પાર્ટીમાં નાના મોટી શહેર અને તાલુકાની જવાબદારી નિભાવી ચૂક્યા છે. ભરત સુતરિયાએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના જેનીબેન ઠુમરને હરાવીને મોટી લીડથી જીત મેળવી હતી.

## સરકારે જમીન પરત લેતા અમદાવાદની પુલકિત પ્રાથમિક શાળાને લાગશે તાળા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

શહેરના સાબરમતી વિસ્તારમાં આવેલી પુલકિત પ્રાથમિક સ્કૂલને સરકાર દ્વારા વર્ષો પહેલા ભાડાપટ્ટેથી અપાયેલી જમીન પરત લઈ લેવામાં આવતા હવે સ્કૂલ બંધ થશે અને શહેર ડીઈઓ દ્વારા તપાસ રિપોર્ટના આધારે હવે આ સ્કૂલમાં ભણતા બાળકોને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરવા માટેની પ્રક્રિયા કરાશે. શહેરના સાબરમતી વિસ્તારમાં આવેલી પુલકિત પ્રાથમિક સ્કૂલને સરકાર દ્વારા વર્ષો પહેલા ભાડાપટ્ટેથી અપાયેલી જમીન પરત લઈ લેવામાં આવતા હવે સ્કૂલ બંધ થશે અને શહેર ડીઈઓ દ્વારા તપાસ રિપોર્ટના આધારે હવે આ સ્કૂલમાં ભણતા બાળકોને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરવા માટેની પ્રક્રિયા કરાશે. ત્યારબાદ ટ્રસ્ટ દ્વારા કરાર લંબાવવા માટે અરજી કરાઈ હતી. જે ૨૦૧૦ના વર્ષમાં નામંજૂર થઈ હતી.પરંતુ ત્યારથી છેલ્લા અનેક વર્ષોથી પ્રક્રિયા જ ચાલતી હતી અને નવેમ્બર ૨૦૨૩માં ટ્રસ્ટને અનઅધિકૃત ભોગવટાને દૂર કરવા તેમજ તમામ મિલકત બોજા રહિત સોંપવા માટે હુકમ કરાયો હતો. જો કે સરકારની જમીન છતાં જમીનનો કબ્જો લેવામાં અનેક વર્ષોનો વિલંબ થયો હતો.

## ધારિયાથી પત્નીની હત્યા કરી બાદમાં પોતે ગળેફાંસો ખાધો

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરતશહેરના સિંગણપુર વિસ્તારમાં આવેલી ત્રિવેણી સોસાયટીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં આ ઘટનાને લઈને આસપાસના વિસ્તારમાં પણ ચકચાર મચી જવા પામી છે. પતિ-પત્નીના અણબનાવ લઈને પત્નીની ધારીયા વડે હત્યા કર્યા બાદ પછી પતિએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી દીધો હતો. જોકે ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ આ મામલે તપાસ શરૂ કરી છે. ઘટનાની જો વિગતવાર વાત કરીએ તો, સિંગણપુર વિસ્તારમાં આવેલી ત્રિવેણી સોસાયટીમાં આજરોજ આ હત્યાની ઘટના સામે આવી છે. બિલ્ડીંગના કન્સ્ટ્રક્શન લાઈનમાં કામ કરતા નરેશભાઈ કુદરડીયા પરિવાર સાથે રહે છે. લાંબા સમયથી પતિ-પત્ની વચ્ચે સામાન્ય બાબતે ઝઘડા અને અણબનાવ ચાલી રહ્યા હતા.

### પહેલીવાર ૪ ડ્રોનથી એરિયલ ચેકિંગ

# સુરતમાં અસામાજીક તત્વોને નાથવા ૧૬ ઘરમાં સર્ચ ઓપરેશન

**પોલીસે ચાર ડ્રોનની મદદથી વિસ્તારમાં શંકાસ્પદ જગ્યાઓ પર એરિયલ ચેકિંગ કર્યું હતું**

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને અસામાજિક પ્રવૃત્તિ અને ગુનાખોરીને ડામવા તેમજ ભેસ્તાન વિસ્તારમાં રહેતાં અસમાજિક તત્ત્વો વિરુદ્ધમાં પગલાં લેવા માટે પોલીસ કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી છે. જેથી સુરત શહેરના ડિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કુખ્યાત ભેસ્તાન આવાસ વિસ્તારમાં DCP ઝોન-૨ વિસ્તારના ડિંડોલી, લિંબાયત, ઉધના, ગોડાદરા, સલાબત પુરા પોલીસ સ્ટેશનોના કર્મચારીઓની અલગ-અલગ ૭ ટીમો બનાવી આજરોજ ૨૨ નવેમ્બરના સવારે ૨ વાગ્યાથી ૫ વાગ્યા દરમિયાન કોમ્બિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ પોતાની સાથે એક યાદી લઈને પહોંચી હતી, જેમાં આ વિસ્તારના ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોનાં નામ હતાં. ૫૦થી વધુ હિસ્ટ્રીશીટરની પૂછપરછ કરાઈ હતી. એટલું જ નહીં પોલીસે ચાર ડ્રોનની મદદથી વિસ્તારમાં શંકાસ્પદ જગ્યાઓ પર એરિયલ ચેકિંગ કર્યું હતું.ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, ભેસ્તાન આવાસ જે ડીંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવે છે, ત્યાં કોમ્બિંગ રાખવામાં આવ્યું હતું. સવારે ૨ વાગ્યાથી અમે આ કોમ્બિંગ રાખેલું છે. આ કોમ્બિંગમાં ઝોનના તમામ પોલીસ ઓફિસરની ટીમ બનાવી છે. ૧૦૦થી વધુ અધિકારી અને કર્મચારીઓ ભેસ્તાન આવાસમાં ૧૬૦૦થી પણ વધારે મકાનોમાં કોમ્બિંગ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં જ્યાં હિસ્ટ્રીશીટર, એમસીઆર કાર્ડમાં રજિસ્ટર્ડ લોકોના ત્યાં તપાસ હાથ ધરી છે.સાથે તેઓએ જણાવ્યું હતું કે, આ ઉપરાંત અમે ચેકિંગમાં જોયું કે કોઈ પ્રતિબંધિત વસ્તુ છે કે નહીં.

ખાસ કરીને આ વિસ્તારના એરિયલ વ્યૂ માટે, એરિયલ ચેકિંગ માટે ડ્રોનનો પણ ઉપયોગ કર્યો છે. આ સાથે અમે વાહન ચેકિંગ અને બહારની બાજુ આખો વિસ્તાર કોર્ડન કરી આખા વિસ્તાર ચેકિંગ હાથ ધર્યું હતું. કેટલાક લોકો મળી પણ આવ્યા છે, જેની પૂછપરછ અમે કરી રહ્યા છે. જે લોકો અમને નથી મળ્યા તેમને ત્યાં અમે આવનાર દિવસોમાં ચેકિંગ કરીશું. આ વિસ્તારના રહેવાસી હોવા છતાં તે સમયે આ લોકો ક્યાં હતા, તે અંગેની પણ પૂછપરછ અમે કરીશું.ચેકિંગ દરમિયાન કરાયેલી કામગીરી

હથિયારધારા જાહેરનામાનો ભંગ કરતા કુલ ૫ શખસ વિરુદ્ધ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ કાયદેસરની કાર્યવાહી.કોમ્બિંગ દરમિયાન સુલેહ-શાંતિનો ભંગ કરે તેવાં અસામાજિક તત્ત્વો વિરુદ્ધમાં BNSS ૧૨૬,૧૭૦ મુજબ ૬ કેસ કરી અટકાયતી પગલાંની કામગીરી કરાઈ.

ભેસ્તાન આવાસ બહાર નીકળવાના ૬ રસ્તા (ગેટ) ઉપર અલગ-અલગ ૬ ટીમ દ્વારા વાહન ચેકિંગ કરી, નંબર પ્લેટ વગરના, ફોલ્ટી નંબર પ્લેટવાળા, વાહનના દસ્તાવેજ વગરનાં કુલ ૫૦ વાહન ચેક કરવામાં આવ્યાં.

કોમ્બિંગ દરમિયાન MCR-H.S.-237, ટપોરી ૫, તડીપાર ૬, લિસ્ટેડ બૂટલેગર 7, NDPS નાસતા ફરતા તથા શકમંદ ૧૧, સક્રિય ગુનેગાર ૩૭ શખ્સ ચેક કરવામાં આવ્યા.

### અમદાવાદના પીરાણા ગામના દર્દીનો મોટો ખુલાસો

# ખ્યાતિ હોસ્પિટલ કાંડઃ કમરમાં દુઃખાવો હતો અને હૃદયમાં ઓપરેશન કર્યું

।(એજન્સી) અમદાવાદ, તા.૨૩।

અમદાવાદ શહેરના એસ.જી. હાઈવે પર આવેલ ખ્યાતિ હોસ્પિટલમાં સર્જાયેલા ઓપરેશન કાંડની ઘટના બાદ એક પછી એક મોટા ખુલાસાઓ સામે આવી રહ્યા છે. જેમાં વધુ એક ખુલાસો પીરાણા ગામમાં થયેલા હોસ્પિટલના કેમ્પનો સામે આવ્યો છે. પીરાણા ગામમાં કેમ્પ માંથી ૧૦ લોકોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા જેમાં કમરના દુખાવાના દર્દીઓના પણ છાતીમાં સ્ટેન્ટ મૂકીને ઓપરેશન કરી દેવાયાનો આક્ષેપ દર્દીઓએ કર્યો છે.કુલ ૧૦ લોકોના ઓપરેશન કરાયા હતા જેમાંથી બે લોકોના મોત થયા હોવાનો આક્ષેપ પણ દર્દીઓ અને ગામ લોકોએ કર્યો છે. અમદાવાદ શહેરમાં ખ્યાતિ હોસ્પિટલનો ઓપરેશન કાંડ હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. મહેસાણાના બોરીસણા ગામના દર્દીઓના ઓપરેશન કરી દીધા બાદ તેમનું મોત થયા પછી આખું કૌભાંડ બહાર આવ્યું છે. સમગ્ર મામલે આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું ત્યારબાદ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા પણ તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. હાલ આ સમગ્ર કૌભાંડની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે જેમાં રોજે રોજ અલગ અલગ ખુલાસા સામે આવી રહ્યા છે. ખ્યાતિ હોસ્પિટલ દ્વારા અમદાવાદ આસપાસના ગામોમાં પણ કેમ્પ કરવામાં આવ્યા હતા અને તેના પણ અલગ અલગ કૌભાંડ સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક ખુલાસો અમદાવાદના પીરાણા ગામમાંથી સામે આવ્યો છે. એક વર્ષ અગાઉ ૨૦૨૩માં જૂન મહિનામાં ખ્યાતિ હોસ્પિટલ દ્વારા પીરાણા ગામમાં કેમ્પ કરવામાં આવ્યો હતો.

હોસ્પિટલ દ્વારા ગામના ૧૦ લોકોની તપાસ કરવામાં આવી હતી જેમાંથી કેટલાક લોકોને તો કમરનો દુખાવો હતો તેઓને પણ હોસ્પિટલ દ્વારા હૃદયની ધમનીમાં બ્લોકેજ છે તેવું કહીને ઓપરેશન કરી દેવાયા હતા. મહત્વની વાત એ પણ છે કે આ તમામ દર્દીઓને ઓપરેશન કરી દેવાયા છતાં તેમના પરિવારજનોને પણ જાણ કરવામાં આવી ન હતી. પીરાણા ગામના વિનોદભાઈને અને બચુભાઈને કમરનો દુખાવો હતો તેમને હોસ્પિટલ લઈ જઈને સ્ટેન્ટ મૂકીને ઓપરેશન કરી દેવાયું હતું. બચુભાઈએ વાત કરતા એવી પણ વિગત સામે આવી છે કે તેઓની પાસે આયુષ્માન કાર્ડ ન હોવા છતાં તેઓને હોસ્પિટલ લઈ જવાયા હતા અને તેઓનું તાત્કાલિક આયુષ્માન કાર્ડ બનાવી દેવાયું હતું અને તેઓને સ્ટેન્ડ મૂકીને ઓપરેશન કરી દેવાયું હતું.

દર્દીઓ દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, હજુ પણ એ આયુષ્માન કાર્ડ તેઓને પરત મળ્યું નથી. બીજી તરફ આ ૧૦ લોકોમાંથી ગામમાં રહેતા જેન્તીભાઈ ઠાકોરનું મોત થયું હતું. તેમના ભત્રીજા જણાવે છે કે પરિવારજનોને જાણ કર્યા વગર જ ઓપરેશન કરી દેવાયું હતું. બાદમાં જયંતીભાઈનું મોત થયું હોવાનું તેઓએ જણાવ્યું છે.

# 'ભગવદ્ ગીતા' ધાર્મિક ગ્રંથ નહીં, 'ભારતીય સંસ્કૃતિ' અને સભ્યતા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતની શાળાઓમાં પ્રાર્થના વગેરેના સમયે ભગવદગીતાના શ્લોક ઉમેરવાના મુદ્દે થયેલી એક જાહેરહિતની અરજીમાં એક વધારાની અરજીની સુનાવણી ગુરુવારે હાઈકોર્ટ સમક્ષ થઈ હતી. જે સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એવી મર્મસ્પર્શી ટકોર કરી હતી કે, 'ભગવદ્ગીતા' માત્ર એક ધાર્મિક ગ્રંથ નહીં પરંતુ 'ભારતીય સંસ્કૃતિ' અને સભ્યતાનો ભાગ છે. જેમાં નિહિત સિદ્ધાંતો નૈતિક મૂલ્યો જ શીખાવે છે. તેથી ભગવદગીતા એ એક રીતે 'મોરલ સાયન્સ' એટલે કે 'નૈતિક વિજ્ઞાન' જ છે.' હાઈકોર્ટની ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે આપણે વર્ષોથી પાશ્ચાત્ય દુનિયાના નૈતિકતાના પાઠ ભણીએ જ છીએ.

હાઈકોર્ટે એવી ટકોર પણ કરી હતી કે,'ભગવદ્ગીતાનો મૂળ ભાવ છે કે 'કર્મ કર ફલ કી ઈચ્છા મત કર'. આ નૈતિકતાનો સિદ્ધાંત છે, એના કરતાં વધુ નથી. અરજદારની જે રિટ અરજી છે કે એ માત્ર પ્રોપેગન્ડાથી વધુ કંઈ જ નથી. હાઈકોર્ટ આવા મામલે આદેશ કરી શકે નહીં. નેશનલ પોલિસીથી વિરુદ્ધનું એમાં કંઈ જ નથી. જો તમે આ મામલે દલીલ કરો તો અમે આજે જ આ કેસનો નિર્ણય કરી શકીએ છીએ.'

# ચાર જેટલા ગૃપ ડિસ્કશનમાં મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો સહભાગી થયા

। (એજન્સી) સોમનાથ, તા.૨૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સોમનાથ ખાતે યોજાઈ રહેલી ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ તથા વરિષ્ઠ સચિવો અને અધિકારીઓએ ગુજરાતની સર્વગ્રાહી વિકાસ યાત્રાને વધુ ગતિ આપવાના હેતુથી વિવિધ વિષયો પર ગૃપ ડિસ્કશન કરીને પરિણામદાયી ચિંતન-મંથન કર્યું હતું.

આજે શિબિરના બીજા દિવસે જે વિષયો પર જૂથ ચર્ચા કરવામાં આવી હતી તેમાં રોજગારીની નવી તકો ઊભી કરવી, તેમજ કૃષિ અને પશુપાલના સર્વાંગી વિકાસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આવક વધારવી જેવા વિષયે મંત્રીશ્રીઓ, સચિવો સહિતના ઉચ્ચ અધિકારીઓએ વિચાર-વિમર્શ કર્યા હતાં. આ ઉપરાંત, રાજ્ય અને કેન્દ્ર સરકારની જનહિતકારી યોજનાઓનો લાભ ૧૦૦ ટકા લાભાર્થી સુધી પહોંચાડવા સેચ્યુરેશન એપ્રોચથી સાથે મળીને આગળ વધવા અને જરૂરતમંદ પ્રત્યેક લાભાર્થીને આવરી લેવા સંદર્ભે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત જ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા પ્રવાસન વિકાસના યોગદાન અંગે જિલ્લા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ભૂમિકા વિષયે પણ સામૂહિક ચર્ચા કરવામાં આવી હતી. નાણામંત્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલ, કૃષિ મંત્રી રાઘવજી પટેલ, પાણીપુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા, પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા અને રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ સહિતના મંત્રીઓએ પણ પોતાના મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા. સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો આ ચર્ચામાં જોડાઈને પોતાના વિભાગોના કાર્યઆયોજનના મંતવ્યો રજૂ કર્યા હતા. આ ચર્ચા સત્રો પૂર્વે, મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો સહિત શિબિરાર્થીઓએ ભગવાન સોમનાથ મહાદેવના સમૂહમાં દર્શન કર્યા હતા. આ પ્રસંગે શિબિરની સ્મૃતિરૂપે સોમનાથ મંદિરના પ્રાંગણમાં ગૃપ ફોટોમાં સહભાગી થયા હતા.

## સુરતની વિવિધ પુરવઠા કચેરીમાં રાશન કાર્ડની E-KYC માટે લાંબી કતારો

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરતમાં રાશન કાર્ડ માટે E-KYC કરવા માટે લોકોને હાલાકીનો સામનો થઈ રહ્યો છે. સુરત જિલ્લા સહિતના શહેરમાં પણ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. શહેરની વિવિધ પુરવઠા કચેરીમાં લાંબી - લાંબી કતારો જોવા મળી છે. રેશન કાર્ડના લાભ માટે E-KYC ફરજિયાત કરાઈ છે. સુરતમાં રાશન કાર્ડ માટે E-KYC કરવા માટે લોકોને હાલાકીનો સામનો થઈ રહ્યો છે. સુરત જિલ્લા સહિતના શહેરમાં પણ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. શહેરની વિવિધ પુરવઠા કચેરીમાં લાંબી – લાંબી કતારો જોવા મળી છે. રેશન કાર્ડના લાભ માટે E-KYC ફરજિયાત કરાઈ છે. E-KYC માટે પુણા પુરવઠા ઝોન કચેરી પર વહેલી સવારથી લાઈનો લાગી હતી.

**વિશેષ** | કચ્છ નહિ દેખા,તો કુછ નહિ દેખા; કચ્છમાં આવેલું વિશ્વ વારસાનું સ્થળ - ધોળાવીરા

# યુનેસ્કોએ વર્ષ-૨૦૨૧માં કચ્છના ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સામેલ કર્યું

। (માહિતી) ગાંધીનગર ।

ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ દ્વારા સમગ્ર ભારતમાં તા. ૧૯ થી ૨૫ નવેમ્બર,૨૦૨૪ દરમિયાન "વર્લ્ડ હેરીટેજ સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે વર્લ્ડ હેરીટેજ સપ્તાહની ઉજવણી "Discover and Experience Diversity" થીમ પર થઈ રહી છે. ગુજરાતના કેટલાક મહત્વના હેરીટેજ સ્થળોને યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટમાં સ્થાન પ્રાપ્ત થયું છે. તાજેતરમાં જ કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરીટેજ સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયો છે. આ સ્થળને વર્ષ-૧૯૬૭માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા શોધી કાઢવામાં આવ્યું હતું, પરંતુ ૧૯૯૦ થી જ વ્યવસ્થિત રીતે ઉત્ખનન કરવામાં આવ્યું હતું. કલાકૃતિઓમાં ટેરાકોટા, માટીકામ, માળા, સોના અને તાંબાના ઘરેણાં, સીલ, માછલી પકડવાના હૂક, પ્રાણીઓની મૂર્તિઓ, ઓજારો, ભટ્ઠીઓ અહીં ખોદકામ દરમિયાન મળી આવી હતી. પુરાતત્વ વિભાગ પ્રાપ્ત માહિતી અનુસાર આ નગર અંદાજે ૫ હજાર વર્ષ જૂનું હોવાનું માનવામાં આવે છે. ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિનું શ્રેષ્ઠ નગર આયોજન, શ્રેષ્ઠ જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન પ્રણાલીનું એક ઉત્તમ ઉદાહરણ છે. ધોળાવીરામાં ઉત્ખનન દરમિયાન સિંધુ સભ્યતાનું એક સાઈન બોર્ડ પણ મળી આવ્યું હતું, જેને આજદિન સુધી ઉકેલી શકાયું નથી.

ધોળાવીરાને અહીં કચ્છના સ્થાનિક લોકો કોટડા એટલે કે મોટા કિલ્લા તરીકે પણ ઓળખે છે. કચ્છ જિલ્લાના ખદીર બેટમાં ચોતરફ મીઠાના રણની વચ્ચે ધોળાવીરા આવેલું છે. અહી ઉત્તરમાં માનસર અને દક્ષિણમાં મનહર એમ બે નદીઓ વહેતી હતી. મીઠાના વિશાળ સફેદ આચ્છાદિત ચાદરના રણથી ઘેરાયેલું આ પ્રાચીન નગર વન્યજીવ સૃષ્ટિ માટે પણ જાણીતું છે. જ્યાં ચિંકારા, નીલગાય, ફ્લેમિંગો જેવા પશુ-પક્ષીઓ જોવા મળે છે. ધોળાવીરા એ સમયે નગર રચના માટે વિખ્યાત હશે તેમ જાણકારોનું માનવું છે. મુખ્ય કિલ્લો જે સૌથી ઊંચાણવાળી જગ્યાએ છે અને અન્ય બે નગરો નીચેના વિસ્તારમાં મળી આવ્યા છે. આ ઉપરાંત પથ્થરનું બાંધકામ પણ ધોળાવીરામાં જોવા મળે છે. સ્વચ્છતાનું સુંદર નિયોજન ધોળાવીરામાં જણાઈ આવે છે, કારણ



કે અહીં ભૂર્ગભ ગટર વ્યવસ્થા પણ મળી હતી. સુરક્ષા માટે નગરની ફરતે મોટી દીવાલો પણ અહીં મળી આવી હતી. ધોળાવીરાની બાજુમાંથી પસાર થતી નદીઓનું પાણી અંદર સુધી આવે તે રીતે જળ વ્યવસ્થાપન જોવા મળે છે. અન્ય સંસ્કૃતિઓના શહેરોમાં કાચી પાકી ઈંટો દ્વારા બાંધકામ કરવામાં આવેલું છે. જ્યારે ધોળાવીરામાં લગભગ ચોરસ અને લંબચોરસ પથ્થરોથી બાંધકામ થયું છે અને પથ્થરો થોડેક છેટે બાજુમાં ખાણોમાંથી કાઢેલા છે. ધોળાવીરામાં નગરની ચારેબાજુ સંરક્ષિત દીવાલ આવેલી છે. ધોળાવીરા નગર મુખ્ય ત્રણ ભાગમાં વહેચવામા આવ્યું છે (૧) રાજાનો/શાસક અધિકારીનો રાજમહેલ કે જે ઊંચાઈવાળી જગ્યા પર છે. તેની ચારેબાજુથી મજબૂત કિલ્લાબંદી કરવામાં આવી હતી. આ કિલ્લામાં ચાર દરવાજા હતાં (૨) અન્ય અધિકારીઓનાં આવાસ કે જેના ફરતે પણ રક્ષણાત્મક દિવાલ હતી અને બેથી પાંચ ઓરડાવાળા મકાન હતાં. (૩) સામાન્ય નગરજનોનાં આવાસ હાથે ઘડેલી ઈંટોના બનાવેલા હતા. આ નગરમાં મોતી બનાવાનું મોટું કારખાનું મળી આવ્યું છે. અહીંથી પ્રાપ્ત થયેલા અવશેષોમાં તાંબુ ગાળવાની ભઠ્ઠીઓ મળી આવી છે. સ્વદેશ દર્શન ૨.૦ માં ધોળાવીરાને આવરી લઈને વિવિધ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરાશે. ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટ ધોળાવીરાની સર્વગ્રાહી વિકાસ માટે પસંદગી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત ભારતના આવા કુલ ૫૦ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે સ્થળો ધોળાવીરા અને દ્વારકાની પસંદગી થયેલી છે. ધોળાવીરાને સસ્ટેનેબલ એન્ડ રીસ્પોન્સ ટુરીસ્ટ સ્થળ તરીકે વિકસાવવાના હેતુસર બે ભાગમાં કામગીરી કરવામાં આવશે. પ્રથમ ફેઝમાં કલ્ચર વિલેજ, એમ્ફીથીયેટર, ટેન્ટ સીટી, ટુરીસ્ટ પ્લાઝા અને રસ્તાના વિકાસ સહિતના કામો હાથ ધરાશે. આશરે રૂ. ૧૩૫ કરોડના ખર્ચે આકાર લેનારા પ્રથમ ફેઝના માસ્ટર પ્લાન મુજબ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં સમગ્ર કચ્છની સંસ્કૃતિ, કલા અને ઈતિહાસને આવરી લેવાશે તથા કમ્યુનિટી હોલ બનાવવામાં આવશે. ધોળાવીરા પ્રવાસન સ્થળના વિકાસ સાથે માસ્ટર પ્લાનમાં નજીકના ધાર્મિક સ્થાનકો, કુદરતી સ્થળો સહિતના જોવાલાયક સ્થળોને પણ સાંકળી લેવાશે, જેથી પ્રવાસીઓ અહીં વધુમાં વધુ જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ શકે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





હરિયાણામાં સોનીપત ખાતે લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ O.P. જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટી ખાતે ભારતના બંધારણ પરના રાષ્ટ્રીય સંમેલન સંબોધિત કર્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે વિશ્વ શાંતિ પુરસ્કાર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ તેમને અમેરિકામાં આપવામાં આવશે. ઈન્ડિયન અમેરિકન માઈનોરિટીઝ એસોસિએશન (AIAM)એ મેરીલેન્ડના સ્લિગો સેવન્થ ડે એડવેન્ટિસ્ટ ચર્ચ દ્વારા આ જાહેરાત કરી છે. તે એક એનજીઓ છે. આ પગલું ભરવાનો હેતુ અમેરિકામાં ભારતીય લઘુમતી સમુદાયના લોકોને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે એક થવાનો છે. આ એવોર્ડ પીએમ મોદીને વિશ્વ શાંતિ અને સમાજને એક કરવા માટેના પ્રયાસો માટે આપવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીને લઘુમતીઓના ઉત્થાન માટે વોશિંગ્ટનમાં માર્ટિન લ્યુથર કિંગ જુનિયર ગ્લોબલ પીસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડ વોશિંગ્ટન એડવેન્ટિસ્ટ યુનિવર્સિટી અને AIAM દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય લઘુમતીઓના કલ્યાણની સાથે તેમના સમાવેશી વિકાસનો છે. જાણીતા સેવાભાવી જસદીપ સિંહને AIMના સ્થાપક અને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. લઘુમતી સમુદાયને પ્રોત્સાહિત કરવા માટે તેમાં ૭ સભ્યોનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પણ છે. તેમાં બલજિન્દર સિંઘ, ડૉ. સુખપાલ ધનોઆ (શીખ), પવન બેઝવાડા અને એલિશા પુલિવર્તી (ખ્રિસ્તી), દીપક ઠક્કર (હિંદુ), જુનેદ કાઝી (મુસ્લિમ) અને ભારતીય વણકર નિસિમ રિવબેન શાલનો સમાવેશ થાય છે.

## ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ ઇનિંગ ૧૦૪ રને સમેટાઇ

। (એજન્સી) પર્થ, તા.૨૩ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝનો પહેલો મુકાબલો ૨૨ નવેમ્બરે પર્થમાં શરૂ થયો. આજે આ મેચનો બીજો દિવસ છે. ભારત માટે આ સીરિઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારતીય ટીમ આ મેચમાં પોતાની પહેલી ઈનિંગમાં ૧૫૦ રન પર સમેટાઈ ગઈ હતી. બાદમાં ઓસ્ટ્રેલિયન ટીમ પણ ૧૦૪ રને સમેટાઈ ગઈ છે.

પર્થમાં રમાઈ રહેલી આ ટેસ્ટ મેચમાં મિચેલ સ્ટાર્ક પ્રથમ એવો બેટર બન્યો છે જેણે ૧૦૦ બોલ રમ્યા હોય. ભારત કે ઓસ્ટ્રેલિયા બે માંથી એક પણ ટીમના દિગ્ગજ બેટર્સ ૧૦૦ બોલનો સામનો કરી શક્યા નહોતા. એવામાં ફાસ્ટ બોલર સ્ટાર્કે ૧૦૦ બોલનો સામનો કર્યો હતો જેણે ક્રિકેટપ્રેમીઓમાં આશ્ચર્ય જગાડ્યું હતું. ભારતીય ટીમે છેલ્લા બે પ્રવાસમાં ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં હરાવ્યું છે. આ વખતે હેટ્રિકની તક છે. આ 'મહા સીરિઝ' માં કુલ ૫ મેચો રમાવાની છે. આ મેચમાં નીતિશ કુમાર રેડ્ડી અને હર્ષિત રાણાનું ડેબ્યૂ થયું હતું. વળી, ઓસ્ટ્રેલિયા તરફથી નાથન સમેકસ્વીનું ડેબ્યૂ હતું. નાથન મેકસ્વીનીએ ઓસ્ટ્રેલિયા તરફથી ડેબ્યૂ કર્યું હતું.

### સુનીતા વિલિયમ્સ પર ખતરો !

# રશિયન મોડ્યૂલમાં લીકેજના કારણે સ્પેસ સ્ટેશનનું સંતુલન બગડ્યું

### સ્પેસ સ્ટેશનના રશિયન મોડ્યૂલ PrKમાં લીકેજ થઈ રહ્યું છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાની સ્પેસ એજન્સી નાસા અને રશિયાની એજન્સી રૉસકૉસમૉસના પ્રોજેક્ટ હેઠળના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં લીકેજની સમસ્યામાં વધારો થયો છે, જેના કારણે સુનીતા વિલિયમ્સ સહિત અન્ય અવકાશયાત્રીઓ પર સંકટ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સ્પેસ સ્ટેશનના રશિયન મૉડ્યૂલ PrKમાં લીકેજ થઈ રહ્યું છે. સૌથી મોટી વાત એ છે કે, આ મૉડ્યૂલ સાથે જ Zvezda સર્વિસ મૉડ્યૂલ આવેલું છે અને તે સ્પેસ સ્ટેશનને જોડે છે. આ લીકની સમસ્યા ૨૦૧૯માં સામે આવી હતી અને તે અંગે અમેરિકા-રશિયા બંને જાણે છે. તેનો નિવેડો લાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા, જોકે તેમ છતાં હજુ સુધી આ સમસ્યા ઉકેલાઈ શકી નથી. તેના કારણે સ્પેસ સ્ટેશન પર અનેક વખત ખતરો આવ્યો હતો. જે સ્થળે લીકેજ થયું છે, તેને સીલ પણ કરવામાં આવ્યું હતું, જોકે તેમ છતાં કોઈ ફાયદો



થયો નથી. શરૂઆતમાં લીકેજમાંથી ઓછી હવા નીકળી હતી, હવે હવા નીકવામાં વધારો થયો છે, જેના કારણે મોટું સંકટ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ગંભીર સમસ્યા ઉકેલવા માટે અમેરિકા અને રશિયા પણ વિવાદ કરી રહ્યા છે. લીકેજના સંકટને લઈને અમેરિકા અને રશિયા વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. જો આ સમસ્યાનો વહેલીતકે નિવેડો નહીં લાવવામાં આવે તો સ્પેસ સ્ટેશનમાં હાજર અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને અન્ય લોકો પર મુસીબત આવી શકે છે. નાસાએ તાજેતરમાં જ લીક અંગે રિપોર્ટ આપ્યો હતો, જેમાં જણાવાયું હતું કે, 'લીકેજના કારણે સ્પેસ સ્ટેશન વર્ષ ૨૦૩૦ સુધીમાં કામ કરવાનું બંધ કરી દેશે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન એડવાઈઝરી કમિટીના પ્રમુખ બૉબ કબાનાએ કહ્યું કે, આ લીકના કારણે સ્પેસ સ્ટેશન પર મોટું સંકટ આવી શકે છે. નાસાએ કહ્યું કે, 'લીકેજમાંથી દૈનિક ૦.૯થી ૧.૧ કિલોગ્રામ હવા નીકળી રહી છે, જેના કારણે સ્પેસ સ્ટેશનનું સંતુલન બગડી રહ્યું છે. આ વર્ષે એપ્રિલથી લીકેજમાંથી દૈનિક ૧.૭ કિલોગ્રામ હવા નીકળવાની શરૂ થઈ છે. જો તેને રિપેર કરવામાં નહીં આવે તો હવાની ગતી વધી શકે છે. નાસાએ અવકાશયાત્રીઓને ધરતી પર લાવવા માટે SpaceXના ક્રૂ ડ્રેગન કેપ્સૂલમાં એક્સ્ટ્રા પેલેટ સીટ લગાવવાનો પ્લાન બનાવ્યો છે. નાસાના અવકાશયાત્રી માઈકલ બેરેટનું કહેવું છે કે, સ્પેસ સ્ટેશન ઘણું જૂનું થઈ ગયું છે. હવે સ્ટેશનના જુદા જુદા ભાગમાં તિરાડો પણ પડી શકે છે, તેમાં વિસ્ફોટ પણ થઈ શકે છે. સ્ટેશનનો વર્ષ ૨૦૩૦ સુધી ઉપયોગ કરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારબાદ તે ધરતીના વાયુમંડળમાં સળગીને નીચે પડી જશે.

### SECએ પાઠવ્યું સમન્સ

# ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગરને લાંચ કાંડમાં અમેરિકાનું તેડું

### એસઈસીએ બોડકદેવના નિવાસસ્થાન પર સમન્સ મોકલી ૨૧ દિવસમાં જવાબ આપવા આદેશ કર્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અદાણી ગ્રૂપના સંસ્થાપક તેમજ ચેરમેને ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી વિરુદ્ધના લાંચ કેસમાં અમેરિકાનું તેડું આવ્યું છે. યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC)એ બંનેને સમન્સ પાઠવ્યા છે અને સૌર ઊર્જા સંબંધિત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ૨૬૫ મિલિયન ડૉલર (૨૨૦૦ કરોડ રૂપિયા)ની લાંચ આપવાના આરોપ મુદ્દે જવાબ આપવા કહ્યું છે. એસઈસીએ ગૌતમ અદાણીના અમદાવાદમાં આવેલા શાંતિવન ફાર્મ નિવાસસ્થાન અને તેમના ભત્રીજા સાગરને બોડકદેવના નિવાસસ્થાન પર સમન્સ મોકલી ૨૧ દિવસમાં જવાબ આપવા આદેશ કર્યો છે. ન્યૂયોર્કની ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૨૧ નવેમ્બરે નોટિસ મોકલીને કહ્યું છે કે, 'હવે પછી તમને સમન્સ મળે તો ૨૧ દિવસમાં (આ સમન્સને છોડીને), જો તમને વાદી (યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન) સામે ફરિયાદ



હોય, તો તેનો જવાબ તમારે યુએસ ફેડરલના નિયમ ૧૨ પ્રમાણે રજૂ કરવાનો રહેશે.' તેમાં કહેવાયું છે કે, 'જો તમે જવાબ આપવામાં નિષ્ફળ રહેશો, તો ફરિયાદમાં માંગવામાં આવેલી રાહત માટે તમારી વિરુદ્ધ ડિફોલ્ટ રીતે નિર્ણય લેવાશે. તમારે તમારો જવાબ કે પ્રસ્તાવ પણ કોર્ટમાં જ દાખલ કરવો પડશે.' ન્યૂયોર્કની કોર્ટમાં બુધવારના રોજ ચાર્જશીટ ખોલવામાં આવી હતી. તેમાં જણાવાયું હતું કે, ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર સહિત સાત અન્ય પ્રતિવાદિઓ, જેઓ અદાણી ગ્રૂપની અક્ષય ઉર્જા એકમની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડમાં નિદેશક છે, તેઓએ લગભગ સૌર ઊર્જા સંબંધિત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ૨૦૨૦થી ૨૦૨૪ની વચ્ચે ભારત સરકારના અધિકારીઓને કથિત રીતે લગભગ ૨૬૫ મિલિયન ડૉલર (૨૨૦૦ કરોડ રૂપિયા)ની લાંચ આપવા સહમત થયા હતા. આ કોન્ટ્રાક્ટના કારણે કંપનીને ૨૦ વર્ષમાં બે અબજ ડૉલરનો ફાયદો થવાની આશા હતી. આ સમગ્ર મામલો સૌર ઊર્જા પ્રોજેક્ટ સાથે સંબંધિત છે. ડિસેમ્બર ૨૦૧૯થી જુલાઈ ૨૦૨૦ વચ્ચે ભારત સરકારની માલિકીની કંપની સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI)એ બે કંપનીઓ માટે લેટર ઓફ એવોર્ડ આપ્યા હતા. તેમાંથી એક કંપની અદાણી ગ્રીન એનર્જી લિ. છે, તો બીજી મોરેશિયસની Azure Power Global Limited છે. ભારત સરકારે આ બંને કંપનીને કુલ ૧૨ ગીગા વોટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરવાની મંજૂરી આપી હતી. તેમાંથી ૮ ગીગા વોટ અદાણીની કંપની દ્વારા અને ૪ ગીગા વોટ સૌર ઊર્જા એઝ્યુર કંપની ઉત્પાદન કરવાની હતી.

### સિંગરના દીકરાએ આપ્યું આ રિએક્શન

# છૂટાછેડાના કારણે એ.આર.રહેમાન અને મોહિની-ડે લિંકઅપના સમાચાર

। (એજન્સી) મુંબઈ, તા. ૨૩ ।

જાણીતા મ્યુઝિક ડાયરેક્ટર એ.આર.રહેમાને લગ્નના લગભગ ૨૯ વર્ષ બાદ પત્ની સાયરા બાનુને છૂટાછેડા આપી દીધા છે. છૂટાછેડાની જાહેરાત કર્યા પછી, રહેમાન સતત સમાચારોમાં રહે છે. આ સમાચારે રહેમાનના ચાહકોને ખૂબ જ ચોંકાવી દીધા હતા. જ્યારે એઆર રહેમાને છૂટાછેડા લીધા હતા, થોડા કલાકો પછી તેમની ટીમના સભ્ય મોહિની ડેએ પણ તેના પતિથી અલગ થવાની જાહેરાત કરી હતી. આ સમાચાર સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર રહેમાન અને મોહિની વિશે અફવાઓ ઉડવા લાગી હતી. લોકોએ કહ્યું કે મોહિનીના કારણે એઆર રહેમાને તેની પત્નીને છૂટાછેડા આપ્યા હતા. હવે એઆર રહેમાનના પુત્ર અમીને આ સમાચાર પર પ્રતિક્રિયા આપી છે. એઆર રહેમાનના પુત્ર અમીને તેના પિતા અને તેની મેનેજર મોહિની ડેનો એક ફોટો શેર કર્યો છે, જેના પર લખ્યું છે કે



તેમની વચ્ચે કોઈ સંબંધ નથી. આ સાથે અમીને એક લાંબી નોંધ લખીને આ સમાચારો પર પોતાની નારાજગી પણ વ્યક્ત કરી છે. અમીને લખ્યું, 'મારા પિતા એક મહાન વ્યક્તિ છે, માત્ર તેમના અતુલ્ય યોગદાન માટે જ નહીં, પરંતુ ઘણા વર્ષોથી તેમણે જે મૂલ્યો, સન્માન અને પ્રેમ મેળવ્યા છે. ખોટી અને પાયાવિહોણી અફવાઓ ફેલાતી જોઈને નિરાશા થાય છે. કોઈના જીવન અને વારસા વિશે બોલતી વખતે આપણે બધાએ સત્ય અને આદરના મહત્ત્વને યાદ રાખવું જોઈએ. મહેરબાની કરીને આવી ખોટી માહિતી ફેલાવવાનું અથવા તેનો ભાગ બનવાનું ટાળો. તેમની ગરિમાની સાથે, અમારા બધા પર જે અસર પડે છે તેનુ પણ ધ્યાન રાખો.

### ખુલ્લા મેદાનમાં ટ્રેનિંગ લઈ રહ્યા હતા રશિયન સૈનિકો

# યુક્રેને રશિયા પર કર્યો રોકેટ હુમલો, અનેક સૈનિકનું મોત થયું

। (એજન્સી) મોસ્કો, તા.૨૩ ।

રશિયા યુક્રેન યુદ્ધનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં યુક્રેનનું એક રોકેટ રશિયન સૈનિકોને નિશાન બનાવતું જોવા મળી રહ્યું છે. આ હુમલામાં પાંચ રશિયન સૈનિકો માર્યા ગયાની આશંકા છે અને અન્ય કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા હોવાના સમાચાર છે. જ્યારે આ હુમલો થયો ત્યારે રશિયન સૈનિકો તાલીમ લઈ રહ્યા હતા. એ પછી રશિયન સેનાની રણનીતિ પર પણ સવાલો ઉભા થયા છે. ગત ગુરુવાર (૨૧ નવેમ્બર) ના રોજ લગભગ એક ડઝન રશિયન સૈનિકો કબજા હેઠળના યુક્રેનિયન પ્રદેશ ઝાપોરોઝેય ઓબ્લાસ્ટમાં એક ખુલ્લી જગ્યામાં તાલીમ લઈ રહ્યા હતા, ત્યારે તેઓ યુક્રેનિયન સર્વેલન્સની દેખરેખ હેઠળ હતા. જ્યારે રશિયન સૈનિકો વાનમાંથી ઉતર્યા ત્યારે, યુક્રેનએ ૯૨ કિલોમીટર દૂર હાઈ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમમાંથી સ્૩૦/૩૧ રોકેટ લોન્ચ કર્યા હતા. રોકેટ રશિયન સૈનિકોની નજીક પડ્યું હતું, જેમાં લગભગ પાંચ રશિયન સૈનિકોનો મોત નીપજ્યા હતા.



અને અન્ય કેટલાક સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ હુમલાએ રશિયાની નબળી રણનીતિનો પણ પર્દાફાશ કર્યો છે કારણ કે, ઝાપોરિઝિયા અને ડોનેટ્સક વિસ્તારમાં આવા હુમલામાં ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં સેંકડો રશિયન સૈનિકો માર્યા ગયા છે, પરંતુ તેમ છતાં, રશિયન સેનાના ઉચ્ચ અધિકારીઓ વારંવાર સૈનિકોને ખુલ્લા મેદાનમાં તાલીમ આપી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે તાજેતરના આ હુમલામાં એક રશિયન જનરલનું પણ મોત થયાના સમાચાર છે અને ઉત્તર કોરિયાનો એક સમકક્ષ ઘાયલ થયો છે. યુક્રેન લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરીને રશિયાની કમાન્ડ સિસ્ટમને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### અદાણી ગ્રુપના CFO એ રજૂ કર્યો પોતાનો પક્ષ

## આ ફક્ત આરોપ, અભ્યાસ બાદ અમે જવાબ આપીશું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

હિંડનબર્ગ રિપોર્ટ, અમેરિકામાં કેસ અને સેબી... આ બધાને જોતા એવું લાગી રહ્યું છે કે અદાણી ગ્રુપની મુશ્કેલીઓ ઘટવાનું નામ લેતી થી. અમેરિકાની એક કોર્ટે અદાણી ગ્રુપ પર ગંભીર આરોપ લગાવ્યો છે. આ આરોપો બાદ ભારતમાં શેર બજારને રેગ્યુલેટ કરતી સેબી (SEBI) અદાણી ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ તપાસ શરૂ કરી શકે છે. આ બધા વચ્ચે અદાણી ગ્રુપના CFO જુગેશિન્દર સિંહે એક્સ પર એક પોસ્ટ દ્વારા પોતાની સ્પષ્ટતા રજૂ કરી છે. તેમણે લખ્યું કે અદાણી ગ્રુપની કોઈ કંપની પર સીધા આરોપ નથી. કેસની તપાસ ચાલુ છે અને ગ્રુપ તરફથી તેના પર અધિકૃત પ્રતિક્રિયા યોગ્ય સમયે આપવામાં આવશે. CFO જુગેશિન્દર સિંહ તરફથી પોતાની પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે છેલ્લા બે દિવસમાં તમે લોકોએ અદાણી ગ્રુપ સંલગ્ન અનેક સમાચારો સાંભળ્યા હશે. આ મામલો ખાસ કરીને Adani Green ના એક કોન્ટ્રાક્ટ સાથે જોડાયેલો છે. આ અદાણી ગ્રીનના કુલ બિઝનેસનો માત્ર ૧૦ ટકા છે. સિંહે લખ્યું કે આ મામલે વિસ્તૃત અને સટીક જાણકારી એક યોગ્ય પ્લેટફોર્મ પર શેર કરાશે. અમને આ અંગે માત્ર બે દિવસ પહેલા જ ખબર પડી કે કઈક ગડબડ છે. જો કે અમને તે અંગે પહેલેથી કઈક શક હતો અને અમે ફેબ્રુઆરી ૨૦૨૪માં જે દસ્તાવેજો બહાર પાડ્યા હતા તેના વિશે પણ લખ્યું હતું. તે ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ અમારા વાર્ષિક રિપોર્ટ બાદ અમારી કોઈ પણ કંપની કે તેના સહયોગીઓ તરફથી પહેલીવાર સાર્વજનિક રીતે બહાર પાડવામાં આવેલા દસ્તાવેજ હતા. અદાણી ગ્રુપની ૧૧ સાર્વજનિક કંપનીઓમાંથી કોઈ પણ હાલમાં DOJ (ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ) ના legal filingsમાં "defendant" નથી. CFO એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ પણ કંપની કે તેની સહાયક કંપનીઓ પર કોઈ પ્રકારના ખોટા કામનો આરોપ નથી. CFO એ કહ્યું કે અનેક રિપોર્ટ્સ અને ખબરો બીજા કેસ સાથે જોડાઈને સમાચાર બની રહ્યા છે. તેમણે અપીલ કરી કે આ કેસ પર ગ્રુપ તરફથી વિસ્તૃત પ્રતિક્રિયા યોગ્ય સમયે આપવામાં આવશે. CFO જુગેશિન્દર સિંહે જણાવ્યું કે DOJ ના વકીલો મુજબ આ ફક્ત આરોપ છે.

# પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધૂની પત્નીએ કેન્સરને આપી માત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

લાંબા સમય સુધી કપિલ શર્મા શોનો હિસ્સો રહેલા પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ હાલમાં એક પ્રેસ કોન્ફરન્સને લઈને ચર્ચામાં છે. આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે કેવી રીતે તેમની પત્નીએ ૪ સ્ટેજના કેન્સરને માત આપી છે અને હવે તે સંપૂર્ણપણે કેન્સર મુક્ત છે. જો કે તેમની આ સફર માનીએ તેટલી બિલકુલ સરળ ન હતી. આ સમય દરમિયાન ડોક્ટરોએ હાર માની હાથ અધ્ધર કરી લીધા હતા, પરંતુ નવજોત સિંધુની પત્ની પોતાની લાઈફ સ્ટાઈલ અને ડાયટ પ્લાનમાં ફેરફાર કરીને ૪૦ દિવસમાં કેન્સરને માત આપી નવુ જીવન શરુ કર્યું છે. પ્રેસ કોન્ફરન્સમાં



વાત કરતા સિદ્ધુએ જણાવ્યું કે, તેમની પત્નીની ૪૦ ટકા સારવાર સરકારી હોસ્પિટલમાં થઈ હતી, એ પછી યમુનાનગરમાં થઈ છે. ડૉક્ટરે કહ્યું હતું કે,''સિદ્ધુ સાહેબ ૫% પણ બચવાનો ચાન્સ નથી. 'મેટાસ્ટેસિસ' ચામડી સુધી આવી ગયો છે. ત્યાર બાદ અમેરિકાથી આવેલા મારા મિત્રના દીકરાએ પણ હાથ અધ્ધર કરી દીધા હતા. જો કે, આ દરમિયાન મેં ખૂબ જ અભ્યાસ કર્યો અને તેના વિશે રિસર્ચ કર્યું હતુ.'' હું દિવસમાં રોજના ચારથી પાંચ કલાક અમેરિકન ડૉક્ટરો અને આયુર્વેદ વિશે વાંચતો હતો. અને જ્યારે મને સમય મળતો ત્યારે મેં જે વાંચ્યું હોય તેના પર કામ કરતો. અને તેમાં મારી દિકરીએ સાથે એક ચોક્કસ પ્રકારનો ડાયટ પ્લાન બનાવ્યો હતો. નવજોત સિંહ સિદ્ધુએ જણાવ્યું કે, ''મારી પત્નીના ડાયટ પ્લાનમાંથી લોટ, દૂધની બનાવટો, સમોસા જલેબી, રોટલી, રિફાઈન્ડ તેલ બિલકુલ કાઢી નાખ્યું હતું અને તેના બદલે કેન્સરથી બચવા માટે ખાવાના સમયમાં અંતર રાખતાં હતાં, મીઠાઈઓ બિલકુલ નહોતા આપતાં. કાર્બોહાઈડ્રેટ ન ખાઈએ તો કેન્સરના કોષો આપો આપ મરી જાય છે. અને સાંજે ૬ થી ૬.૩૦ વાગ્યાની વચ્ચે રાત્રિભોજન કરાવતા હતા અને સવારે ૧૦ વાગ્યે લીંબુ પાણી પાણી આપીને બીજા દિવસની શરુઆત કરતાં હતાં.'' આ ઉપરાંત તેઓ તેની સાથે કાચી હળદર, એક લસણ અને સફરજનની ચીપ્સ આપતા હતા. તેની સાથે સાથે પછી લીમડાના પાન, આમળા, બેરી જેવી ૧૦-૧૨ ખાટી વસ્તુઓની મદદ લેતા હતા. આ સિવાય અમે નવજોત કૌરના આહારમાં શું શું ઉમેર્યું તેના વિશે વાત કરી હતી. એટલું જ નહીં, સિદ્ધુએ પણ આ ડાયટ પ્લાન અપનાવ્યો હતો. જેનાથી તેની ફેટી લિવરની સમસ્યા દૂર થઈ અને તેમણે ૨૫ કિલો વજન પણ ઘટાડ્યું છે.

# તંત્રી લેખ...

## રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતું યુદ્ધ સમાપ્ત થવાની શક્યતા?

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ જ્યારે એમ માનવામાં આવતું હતું કે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતું યુદ્ધ સમાપ્ત થઈ શકે છે, ત્યારે તે ખતરનાક વળાંક લેતું દેખાઈ રહ્યું છે. તેનું કારણ છે કે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને યુક્રેનને એવાં હથિયારો આપવાનું નક્કી કર્યું, જેનાથી તે રશિયાનો મુકાબલો કરવામાં સક્ષમ બની શકે. આ ક્રમમાં તેમણે યુક્રેનને રશિયા વિરુદ્ધ લાંબા અંતર સુધી પ્રહાર કરનારી મિસાઈલોના ઉપયોગની અનુમતિ પણ આપી દીધી. આ અનુમતિ મળતાં જ યુક્રેને રશિયા વિરુદ્ધ એવી મિસાઈલોનો ઉપયોગ કરવામાં વાર ન લગાડી. તેના જવાબમાં રશિયાએ પણ પોતાના તેવર દેખાડતાં પહેલી વાર આંતર મહાદ્વીપીય બેલિસ્ટિક મિસાઈલથી યુક્રેનને નિશાનો બનાવ્યું. આ મિસાઈલ પરમાણુ હથિયાર લઈ જવામાં પણ સક્ષમ છે. રશિયન રાષ્ટ્રપતિ પુતિન પહેલા દિવસથી જ ચેતવી રહ્યા છે કે જો અમેરિકા અને યુરોપ યુક્રેનના બચાવમાં આગળ આવે છે તો તે તેને યુદ્ધમાં તેમની સીધી દખલ માનશે. હવે રશિયાએ યુક્રેન સાથે અમેરિકા અને યુરોપીય દેશોને ધમકાવવા માટે પરમાણુ હથિયાર ઉપયોગ કરવાના નિયમોમાં બદલાવ કરવાની સાથે જ એમ પણ કહ્યું કે તે પોલેન્ડ સ્થિત અમેરિકી એરબેઝને નિશાનો બનાવશે. ખબર નહીં, આગળ શું થશે, પરંતુ એ ઠીક નથી કે જે યુદ્ધ સમાપ્ત થવાની આશા જાગી હતી, તેને વધુ ભડકવાની આશંકા પેદા થઈ ગઈ છે. તેના માટે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડનને જવાબદાર ઠેરવતાં કહેવાઈ રહ્યું છે કે તે પોતાનું પદ છોડતાં પહેલાં હાલત બગાડવાની સાથે જ વિશ્વને ત્રીજા યુદ્ધ તરફ ધકેલી રહ્યા છે. બાઇડનના નિર્ણયની ટીકા અમેરિકામાં પણ થઈ રહી છે, પરંતુ એ પણ ધ્યાન રહે કે તેમણે યુક્રેનને ઘાતક હથિયાર આપવાનો નિર્ણય એ સમાચારો આવ્યા બાદ કર્યો કે રશિયાની મદદ માટે ઉત્તર કોરિયાની સેનાઓ મોરચે પહોંચી છે. અમેરિકી રાષ્ટ્રપતિ પોતાના ચુકાદાને યોગ્ય ઠેરવી શકે છે.

## સાઈબર હુમલા રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો

દેશની જનતાને સાઈબર અપરાધીઓ નિરંતર પોતાના શિકાર બનાવી રહ્યા છે. સાઈભર હુમલાનો ગ્રાફ વધતો જાયછે. આ હુમલા પર એક એનજીઓના 'ધ ઈન્વિઝિબલ હેન્ડ રિપોર્ટ'એ તમામને ચોંકાવી દીધા છે. આ રિપોર્ટ અનુસાર, ૨૦૨૩માં ૭.૯ કરોડથી વધારે સાઈબર હુમલા થયા છે. હુમલાની સંખ્યાની દૃષ્ટિએ ભારત વિશ્વમાં ત્રીજા સ્થાન પર છે. ૨૦૨૪ની પહેલી ત્રિમાસિકમાં જ હુમલાની સંખ્યા ૫૦ કરોડથી વધુ આંકવામાં આવી છે. જ્યારે ૨૦૨૪ની ત્રીજ ત્રિમાસિકમાં ૨૦૨૩ના મુકાબલે સાઈબર હુમલામાં ૪૬ ટકાનો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર ૨૦૨૪ના પહેલા ચાર મહિનામાં ભારતીયોને સાઈબર અપરાધોને કારણે ૧૭૫૦ કરોડ રૂપિયાથી વધારેનું નુકસાન થયું છે. વસ્તુતઃ આજે આપણી સમગ્ર દુનિયા જે રીતે ડિજિટલ ક્ષેત્રમાં આગળ વધી રહી છે, સાઈબર હુમલાના ખતરા વધતા જાય છે અને ભારત પણ તેનાથી વણસ્પર્શ્યું નથી. હાલમાં જ જારી કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ઈન્ડિયા (સીઈઆરટી-ઈન) ના ૨૦૨૩ના વાર્ષિક રિપોર્ટ અનુસાર, ગયા વર્ષે ૧૫ લાખ ૯૩ હજાર સુરક્ષા ઘટનાઓની માહિતી આપવામાં આવી, જેમાં પાછલા કેટલાય વર્ષોમાં નિરંતર વૃદ્ધિ જોવા મળી છે. ૨૦૧૭ના રિપોર્ટમાં આ આંકડો ૫૩ હજાર સુધી સીમિત હતો. જેમાં હાલના વર્ષોમાં ઘટિત દિલ્હી એમ્સ પર રેન્સમવેર હુમલો, ૮૧ કરોડ નાગરિકોના આધાર અને પાસપોર્ટ જાણકારી સંબંધિત એક મોટું ડેટા ઉલ્લંઘન અને એરપોર્ટો જેવા મહત્ત્વપૂર્ણ બુનિયાદી માળખા પર સાઈબર હુમલા સામેલ છે. જોકે સરકાર દ્વારા ઉપાય રૂપે પાંચ હજાર સાઈભર કમાન્ડો તૈનાત કરવાની યોજના બનાવી છે, જેથી આપણી સુરક્ષાને મજબૂત કરી શકાય. રાષ્ટ્રીય સુરક્ષાના એક મુખ્ય સ્તંભ રૂપે આ સાઈબર સુરક્ષાની વધતી ભૂમિકા અને સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. હાલમાં ડિજિટલ ડિવાઈસ પ્રત્યે લોકોનું આકર્ષણ વધ્યું છે. દેશમાં ઈન્ટરનેટ યુઝર્સની એક મોટી આબાદી છે, જેની સંખ્યા નિરંતર વધતી જાય છે. દેશમાં કુલ ઈન્ટરનેટ યુઝર્સ માર્ચ ૨૦૧૪માં ૨૫.૧૫ કરોડ હતા જે માર્ચ ૨૦૨૪ સુધી વધીને ૯૫.૪૪ કરોડ સુધી પહોંચી ગયા છે. ચીન બાદ ભારત દુનિયાનું બીજું સૌથી મોટું ઓનલાઈન બજાર છે. દેશમાં ઝડપથી વધતી ડિજિટલ અર્થવ્યવસ્થા છે, જ્યાં સ્વાસ્થ્ય સેવા, શિક્ષણ, નાણાં અને કૃષિ જેવાં ક્ષેત્ર ઓનલાઈન પ્લેટફોર્મ અને સેવાઓ પર નિર્ભરતા ધરાવે છે. આવનાર સમય હજુ પણ વધુ ડિજિટલ હશે, કારણ કે ઈન્ટરનેટ પોતાની પાંચમી પેઢીમાં પ્રવેશ કરવાનું છે. પરંતુ ભારત પર સાઈભર હુમલાથી પેદા થતા અસીમ પડકારો પણ છે, જેમા ંદેશની મહત્ત્વપૂર્ણ માળખાકીય રચના જેમ કે પાવર ગ્રિડ, પરિવહન પ્રણાલીઓ અને સંચાર નેટવર્ક વગેરે સાઈબર હુમલા પ્રત્યે સંવેદનશીલ છે જે જરૂરી સેવાઓને બાધિત કરી શકે અને રાષ્ટ્રીય સુરક્ષાને ખતરામાં મૂકી શકે છે. જેમ કે મુંબઇ પાવર ગ્રિડ એટેક (૨૦૨૦), ભારતમાં આર્થિક ક્ષેત્રે છાશવારે સાઈબર અપરાધીઓનો સામનો કરવો પડે છે જે ચોરી કે જબરદસ્તી વસૂલીથી લાભ કમાવા માગે છે. જ્યારે બીજી તરફ, બેંકો, આર્થિક સંસ્થાઓ અને ઓનલાઈન ચૂકવણી પ્રણાલીઓ પર સાઈબર હુમલાથી આર્થિક નુક્સાન, ઓળખની ચોરી અને આર્થિક પ્રણાલી પ્રત્યે ભરોસાની કમી જેવી સ્થિતિ પેદા થઈ રહી છે. ઓનલાઈન સંગ્રહિત વ્યક્તિગત અને સરકારી ડેટાની માત્રા પણ વધી રહી છે, તેનાથી ડેટા ઉલ્લંઘનોનો ખતરો પણ વધી ગયો છે, જ્યાં હેકર્સ સંવેદનશીલ જાણકારી સુધી પહોંચ બનાવે છે અને તેને લીક કરે છે. ડેટા ઉલ્લંઘનોથી વ્યક્તિઓ અને સંગઠનોની ગોપનીયતા અદ્ધે સુરક્ષા માટે ગંભીર પરિણામ પેદા થઈ શકે છે જેમ કે ડિસેમ્બર ૨૦૨૦માં ટ્રેન ટિકિટિંગ પ્લેટફોર્મ 'રેલયાત્રીએ ડેટા ઉલ્લંઘનની પુષ્ટિ કરી છે. સાઈબર જાસૂસી અન્ય દેશો કે સંસ્થાઓની જાસૂસી કરવા કે તેમના હિતોને નુક્સાન પહોંચાડવા માટે સાઈબર હુમલાનો ઉપયોગ કરવાની પ્રક્રિયા છે. અન્ય દેસોની જેમ ભારત પણ સાઈબર જાસૂસી ગતિવિધિઓના નિશાના પર છે, જે ગોપનીય જાણકારી ચોરવા અને રણનીતિક સરસાઈ મેળવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. મે ૨૦૨૪માં પાકિસ્તાની સાઈબર જાસૂસોએ ભારત સરકાર એરોસ્પેસ અને રક્ષા ક્ષેત્રો વિરુદ્ધ માલવેર તૈનાત કર્યો હતો. સાઈબર સુરક્ષા માટે ભારત સરકાર કેટલાય પ્રકારનાં પગલાં ભરી રહી છે જેમાં રાષ્ટ્રીય સાઈબર સુરક્ષા નીતિ ૨૦૧૩ એક પ્રભાવી પગલું છે. આ નીતિનું લ-ય નાગરિકો, વ્યવસાયો અને સરકાર માટે એક સુરિક્ષત અને લચીલા સાઈબર સ્પેસનું નિર્માણ કરવાનો છે. આ સાઈબર સ્પેસ માહિતીને સુરિક્ષત કરવા, હુમલાને રોકવા અને જવાબી કાર્યવાહી માટે ક્ષમતા નિર્માણ કરશે.

### ૧૯૭૫માં દિલ્હીના ચાંદની ચોકમાં મુગલ સમ્રાટ ઔરંગઝેબ દ્વારા ગુરુ તેગ બહાદુરની હત્યા કરવામાં આવી હતી

# આજે હિંદ કી ચાદર કે "ભારતની ઢાલ" શીખોના નવમા ગુરુ તેગ બહાદુરજીના શહીદી દિવસે શ્રદ્ધા સુમન અર્પણ કરીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઔરંગઝેબના અત્યાચારો વિશે જાણ્યા પછી, ગુરુ તેગ બહાદુરના પુત્ર ગોવિંદરાયે કહ્યું કે ભારતના લોકોની સમસ્યાઓ હલ કરવા માટે તેમના પિતાથી વધુ સક્ષમ કોઈ નથી, ગુરુ તેગ બહાદુરને સમજાયું કે તેમનો પુત્ર હવે ગુરુની ગાદી લેવા માટે તૈયાર છેઅને તેથી તેણે વધુ વિચાર કર્યા વિના પંડિતો ને ઔરંગઝેબને એ જણાવવાકહ્યું કે, જો તે ગુરુજીને ઇસ્લામમાં ફેરવવામાં સક્ષમ છે, તો દરેક વ્યકિત આ નિયમનું પાલન કરશે.**

શીખોના નવમા ગુરુ..ગુરુ તેગ બહાદુરજીનો જન્મ પહેલી એપ્રિલ ૧૯૨૧ના અમૃતસરમાં ગુરૂ હરગોવિંદજીના ગૃહે માતા નાનકીના કુખે થયો ત્યારે તેમનું નામ ત્યાગમલ રાખવામાં આવેલ. આ બાળક ત્યાગમલ જયારે માત્ર તેર વર્ષના હતા ત્યારે ત્યારે તેમના પિતા સાથે કરતારપુર પર હુમલો કરનાર મુગલો સામે તેઓ લડયા હતા.પિતાપુત્રની જોડી સામે મુગલસેના હારી ગઈ હતી. તેમના પિતા ગુરૂ હરગોવિંદજીએ આ યુધ્ધમાં પુત્રની બહાદુરી જોઈને તેમને ત્યાગમલને બદલે તેગ બહાદુર કહીને સંબોધન કર્યું ત્યારથી તેઓ તેગ બહાદુર તરીકે જ ઓળખાયા તેગ બહાદુરે તેમના સમુદાયના લોકો માટે તેમના જીવનનું બલિદાન આપ્યું હતું ગુરુ તેગ બહાદુરને ઘણીવાર હિંદ કી ચાદર તરીકે ઓળખવામાં આવે છે, જેનો અર્થ થાય છે ભારતની ઢાલ.તેમને સીધી નિઃસ્વાર્થ શહીદ માનવા માં આવે છે અને તેમની શહાદત દર વર્ષે ૨૪મી નવેમ્બર ગુરુ તેગ બહાદુર શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે ૨૪મી નવેમ્બરને રવિવાર આપણે તેમનો ત્રણસોને ઓગણ પચાસમો શહાદત દિન મનાવી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ ધર્મની રક્ષા માટે પોતાનું હસતા મુખે બલિદાન આપનાર ગુરૂ તેગ બહાદુરજીના આજે જીવનમાં ઝાંખી કરી કંઈક ઉપદેશ મેળવી એ.૧૯૭૫માં દિલ્હીના ચાંદની ચોકમાં મુગલ સમ્રાટ ઔરંગઝેબ દ્વારા ગુરુ તેગ બહાદુરની હત્યા કરવામાં આવી હતી. કેલિફોર્નિયા યુનિવર્સિટીના નોએલ કિંગના શબ્દોમાં,ગુરુ તેગ બહાદુરની શહાદત માનવ અધિકારો માટે વિશ્વમાં પ્રથમ હતી.ઔરંગઝેબ ભારતને ઈસ્લામિક રાષ્ટ્રમાં રૂપાંતરિત કરવા માંગતો હતો, તેથી હિંદુઓને ઈસ્લામ સ્વીકારવાની ફરજ પડી. પીડેત કૃપા રામના નેતૃત્વમાં ૫૦૦ કાશ્મીરી પંડિતોનું એક પ્રતિનિધિ મંડળ ગુરુ તેગ બહાદુરની મદદ લેવા આનંદપુર સાહિબ ગયું હતું. ઔરંગઝેબના અત્યાચારો વિશે જાણ્યા પછી,ગુરુ તેગ બહાદુરના પુત્ર ગોવિંદરાયે કહ્યું કે ભારતના લોકોની સમસ્યાઓ હલ કરવા માટે તેમના પિતાથી વધુ સક્ષમ કોઈ નથી.ગુરુ તેગ બહાદુરને સમજાયું કે તેમનો પુત્ર હવે ગુરુની ગાદી લેવા માટે તૈયાર છેઅને તેથી તેણે વધુ વિચાર કર્યા વિના પંડિતો ને ઔરંગઝેબને એ જણાવવાકહ્યું કે,જો તે ગુરુજીને ઈસ્લામમાં ફેરવવામાં સક્ષમ છે,તો દરેક વ્યકિત આ નિયમનું પાલન કરશે. ત્યાર બાદ ક્રૂર શાસક સમક્ષ ગુરુ તેગ બહાદુરની ધરપકડ કરવામાં આવી હતી અને ઈસ્લામ સ્વીકાર વાનો ઈનકાર કરવા બદલ ગુરુજી અને તેમના અનુયાયીઓને પાંચ દિવસ સુધી શારીરિક ત્રાસ આપવામાં આવ્યો હતો.તેમને આધીન થવા માટે ગુરુજીના અનુયાયીઓને તેમની સામે જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા.અંતે,મુઘલ સમ્રાટ ઔરંગ ઝેબના તમામ પ્રયાસો છતાં ગુરુ તેગ બહાદુરે ઈસ્લામનો સ્વીકાર્યો ન હતો અને તમામ અત્યાચારોનો ખૂબ જ નિશ્ચય સાથે



સામનો કર્યો હતો.ગુરુ તેગબહાદુરની ધીરજ અને સંયમથી ગુસ્સે થઈને ઔરંગઝેબે ચાંદની ચોક ખાતે તેમનું માથુંકાપી નાખવાનો આદેશ જારી કર્યો આદિવાસી તેમને ભગવાન માને છે. ગુરુ તેગ બહાદુરે ધર્મની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.વિશ્વના ઈતિહાસમાં ધર્મ તેમજ માનવીય મુલ્યો,આદર્શો, સિધ્ધાંતોની રક્ષા માટે પ્રાણની આહુતિ આપનારા ઓમાં ગુરૂ તેગ બહાદુર સાહેબનું નામ અદ્રિતિય છે.ધરમહેતસાકાર જિનિ કીઆ/ સીસ દીઆ પર સીરડ ન દીઆ! આ મહાકાવ્ય અનુસાર ગુરૂજીનું બલિદાન ફકત ધર્મપાલન માટે જ નહી પરંતુ સમસ્ત માનવીય સાંસ્કૃતિક મુલ્યોના માટે આ બલિદાન હતું. ધર્મ તેમના માટે સાંસ્કૃતિક મુલ્યો અને જીવન વિધાનનું નામ હતું. એટલા માટે ધર્મના સત્ય શાશ્વત મુલ્યો માટે તેમનું બલિએ ચડવુંએ સ્વાભાવિક રીતે સાંસ્કૃતિક મુલ્યો અનેઈચ્છિત જીવન વિધાનના પક્ષમાં એક પરમ સાહસિક અભિયાન હતું. આતતાયી શાસકની ધર્મ વિરોધી અને વૈચારિક સ્વતંત્રતાનું દમન કરનાર નીતિઓની વિરુધ્ધ ગુરુ તેગ બહાદુરજીનું બલિદાન એક અભુતપૂર્વ ઐતિહાસિક ઘટના હતી.આ ગુરૂના નિર્ભય આચરણ, ધાર્મિક અડગતા અને નૈતિક ઉદારતાનું ઉચ્ચત્તમ ઉદાહરણ હતું. ગુરુજી માનવીય ધર્મ તેમજ વૈચારિક સ્વતંત્રતા માટે પોતાની મહાન શહાદત આપનાર એક ક્રાંતિકારી યુગ પુરૂષ હતા.ગુરુજી એ ધર્મના સત્ય જ્ઞાનના પ્રચાર- પ્રસાર તેમજ લોક કલ્યાણકારી કાર્ય માટે ઘણાં સ્થળોનું ભ્રમણ કર્યું હતું.આનંદપુરથી કીરતપુર, રોષાણ સૈફાબાદના લોકોને સંયમ તેમજ સહજમાર્ગનો પાઠ ભણાવતાં ખિઆલા (ખદલ) પહોચ્યાં. અહીંયાથી ગુરૂજી ધર્મના સત્યમાર્ગ પર ચાલવાનો ઉપદેશ આપતાં દમદમાં સાહેબથી થઈને કુરૂક્ષેત્ર પહોચ્યાં. કુરૂક્ષેત્રના યમુના કિનારે થતાં કડામાનકપુર પહોંચ્યાં અને ત્યાં સાધુભાઈ મલૂકદાસનો ઉદ્ધાર કયો.અહીંયાથી ગુરૂજી પ્રયાગ,બનારસ,પટના,અસમ વગેરે વિસ્તારોમાં ગયાં જયાં તેમણે લોકોના અધ્યાત્મિક, સામાજીક,આર્થિક, ઉન્નયન માટે ઘણાં બધાંરચનાત્મક કાર્યો કર્યા. આધ્યાત્મિક સ્તર પર ધર્મનું સાચુ જ્ઞાન વહેચ્યું. સામાજીક સ્તર પર ચાલી આવી રહેલ રડિયો,અંધ વિશ્વાસોની જોરદાર આલોચના કરીને નવા સહજ જનકલ્યાણ કારી આદર્શ સ્થાપિત કર્યા.તેમણે પ્રાણી સેવા તેમજ પરોપકાર માટે કુવા બનાવ ડાવ્યાં, ધર્મશાળાઓ બનાવડાવી વગેરે લોક કલ્યાણના કાર્યો પણ ક્યાં.તે જ યાત્રાઓની વચ્ચે ૧૬૬૬માં ગુરુજીને ત્યાં પટનાસાહેબમાં પુત્રનો જન્મ થયો તે દસમા ગુરૂ ગોવિંદસિહજી બન્યાં ગુરજી દરરોજ આનંદપુર સાહેબમાં આધ્યાત્મિક જ્ઞાન વહેચતાં હતાં, માનવ માત્રમાં નૈતિકતા,નિડરતા તેમજ આધ્યાત્મિક જાગૃતિનો સંદેશ આપતાં હતાં. આનંદપુર આમ તો આનંદ ધામ જ હતું.અહીંયા પણ બધા લોકો વર્ણ,રંગ,જાતિ, સંપ્રદાયના ભેદભાવ વિના સમતા, સમાનતા તેમજ સમરસતાનું અલૌકિકજ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં. ગુરુજી શાંતિ,ક્ષમા, સહનશીલતા ની મૂર્તિ હતાં.તેમણે હંમેશા પ્રેમ, એકતા અને ભાઈચારાનો સંદેશ આપ્યો છે.કોઈએ ગુરુજીનું અહિત કરવાનો પ્રયત્ન પણ કર્યો હોયતો તેમણે પોતાની સહન શીલતા, મધુરતા સૌમ્યતાથી તેને હરાવી દિધો હતો ગુરૂજીની માન્યતા હતી કે મનુષ્ય એ કોઈથી ડરવું ન જોઈએ અને ન કોઈને ડરાવવો જોઈએ. તેઓ પોતાની વાણીમાં ઉપદેશ આપતાં હતાં કે 'ભૈ કાહુ કો દેત નહિ!નહિ ભય માનત આન!' તેઓ નાનપણથી જ સરળ,સહજ ભકિત-ભાવ વાળા કર્મયોગી હતાં.તેમની વાણી માં મધુરતા, સાદગી સૌજન્યતા તેમજ વૈરાગ્યની ભાવના દરેક રોમ-રોમ માં ભરી હતી તેમના જીવનનું પ્રથમ દર્શન જ હતું કે ધર્મનો માર્ગ સત્યનો માર્ગ છે અને સત્યનો હંમેશા વિજય થાય છે. ૧.ગુરુ તેગ બહાદુરે ઓરંગઝેબના શાસન દરમ્યાન ઈસ્લામમાં બિન મુસ્લિમોના જબરદસ્તીધર્માંતરણ નો વિરોધ કર્યો હતો. ૨.દિલ્હીમાં મુઘલ સમ્રાટ ઓરંગઝેબના આદેશ પર ૧૯૭૫માં તેમની સાર્વજનિક હત્યા કરવામાં આવી હતી. ૩.દિલ્હી સ્થિત ગુરુદ્વારા સિસગંજ સાહિબ અને ગુરુદ્વારા રકાબ ગંજ સાહિબ તેમના પ્રાણ દંડ અને દેહ સંસ્કારના સ્થળ છે. ૪. ગુરુ તેગ બહાદુરના ગુરુ તરીકે કાર્યકાળ ૧૯૯૫થી ૧૯૭૫સુધીનો રહ્યો.૫.ગુરુ ગ્રન્થસાહિબ માં,ગુરુ તેગબહાદુરના ૧૧૫ ભજનો છે. ગુરુ તેગબહાદુરને લોકોની નિઃસ્વાર્થ સેવા માટે બાદ કરવામાં આવે છે.૭. તેમણેપહેલાં શીખ ગુરુ-ગુરુ નાનકના ઉપદેશો ને લોકો સુધી પહોંચાડવા માટે દેશ ભરમાં યાત્રા કરી હતી. ૮. ગુરુ તેગબહાદુર જ્યાં પણ ગયા સ્થાનિક લોકોએ સામુદાયિક રસોઈ અને કૂવા બનાવ્યા. ૯.આનંદપુર સાહેબ પ્રસિદ્ધિ પવિત્ર શહેર અને હિમાલય સટા એક વૈશ્વિક પર્યટક આકર્ષણ સ્થળ ગુરુ તેગ બહાદુર દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું. આજે ચોવીસમી નવેમ્બર-૨૦૨૪ રવિવાર એટલે શીખોના નવમા ગુરુ તેગ બહાદુરજીનો ત્રણસોને ઓગણ પચાસમો શહાદત દિન આજના દિવસે તેમનું સ્મરણ કરી હૃદયાંજલી અર્પણ કરીએ.

### ચિંતન શિબિર-૨૦૨૪ : ભગવાન સોમનાથના સાનિધ્યે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનું સમાપન

# રાજ્યમાં જનહિતલક્ષી યોજનાઓના અસરકારક અમલ અને સ્કીમ સેચ્યુરેશન માટે AIનો ઉપયોગ કરવા ટાસ્ક ફોર્સની રચના કરાશે

**૨૦૦૩થી શરૂ થયેલી ચિંતન શિબિરની જ્વલંત સફળતાને પગલે ગુજરાત મોડેલ સ્ટેટ બન્યું, પદાધિકારીઓ અને અધિકારીઓ એક ટીમ બનીને રાજ્યના વિકાસ માટે, લોકોના ભલા માટે કાર્યરત છે, કર્મયોગના છ સિદ્ધાંતોને જીવનમાં ઉતારી કર્મચારીમાંથી કર્મયોગી બની કામ કરજો, પ્રશાસને એવી પ્રભાવશાળી રીતે કામ કરવાનું છે કે ખોટું કરનારાના મનમાં ડર રહે, બોનાફાઈડ ઈન્ટેન્શનથી થયેલી ભૂલો સૂધારી શકાશે :- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનું સમાપન કરાવતા રાજ્યમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ તથા પારદર્શિતા લાવવા તથા સેચ્યુરેશન એપ્રોચ સાકાર કરવા છૈં ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાયેલી ૧૧મી ચિંતન શિબિરના ત્રીજા અને અંતિમ દિવસે સમાપન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલોજીના ઉપયોગથી લોક કલ્યાણલક્ષી યોજનાઓના વ્યાપ વિસ્તારથી ૧૦૦ ટકા લાભાર્થી આવરી લઈ સેચ્યુરેશનના અભિગમ અપનાવવા કરેલા આહવાનને ગુજરાત AIના ઉપયોગથી સર્વગ્રાહી રીતે સાકાર કરવા પ્રતિબદ્ધ છે. તેમણે ચિંતન શિબિરના સમાપન સત્રમાં વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેકટરો, વિકાસ અધિકારીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, કુપોષણ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી તથા જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં છૈંનો ઉપયોગ સઘન બનાવવો છે. આ હેતુસર ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સ રચવામાં આવશે અને તેની ભલામણનો અહેવાલ એક મહિનામાં ટાસ્કફોર્સ આપે તેના આધાર પર AI અને ડેટા એનાલિસિસથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની રાજ્ય સરકારની નેમ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલી ચિંતન શિબિરની જ્વલંત સફળતાને પગલે અનેક એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ આવ્યા છે. જેના પગલે ગુજરાત દેશનું મોડેલ સ્ટેટ તથા ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહીં. આ શિબિરો ટેક્નોલોજી ડ્રીવન ગવર્નન્સ માટે એક ટેક ઓફ પ્લેટફોર્મ બની છે. વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને ખાસ કરીને સામૂહિક ચિંતન- મંથનથી જે ચર્ચા-વિમર્શ થાય તેના પરિણામે વિકાસને નવી દિશા મળે છે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓ એક બનીને ટીમ તરીકે કામ કરીને ગુજરાતના વિકાસને આગળ ધપાવી રહ્યાં છે. સરકારી તંત્રએ એવી અસરકારક ભૂમિકા નિભાવવી જોઈએ કે, ખોટું કરનારાના મનમાં તંત્રની બીક રહે. તેમણે એમ પણ ઉમેર્યું કે, બોનાફાઈડ ઈન્ટેન્શનથી થયેલી ભૂલો ચલાવી




શકાય પરંતુ માલાફાઈડ ઈન્ટેન્શનને કોઈ કાળે ચલાવી લેવાશે નહીં. મુખ્યમંત્રીશ્રીએ કર્મયોગના છ સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને કર્મચારીમાંથી કર્મયોગી બનીને કામ કરવાની પ્રેરણા આપતા કહ્યું કે, આ સિદ્ધાંતો એકબીજા સાથે પરસ્પર એવા જોડાયેલા છે કે, કોઈ એક સિદ્ધાંતને જો વ્યક્તિગત જીવનમાં ઉતારીએ તો તેની અસર સમગ્રતયાં વ્યક્તિત્વ અને કતૃત્વ પર પ્રભાવશાળી રીતે પડે જ. શ્રી ભૂપેન્દ્ર પટેલે કોઈપણ પ્રકારની નકારાત્મકતા સામે સકારાત્મક અભિગમ અપનાવવાની પ્રેરણા આપતા કહ્યું કે, સરકાર ખૂબ મહત્વપૂર્ણ ઉપયોગી પ્રજાલક્ષી કામગીરી કરતી જ હોય છે ત્યારે તેની જાણકારી લોકોને સમયસર મળતી રહે અને સોશિયલ મીડિયાના સમયમાં કોઈપણ માહિતી ઝડપથી ફેલાય છે ત્યારે, ખોટી વાતોની સામે સકારાત્મક અને સાચી વાતો લોકો સુધી ત્વરાથી પહોંચે તેવું દાયિત્વ આપણે સૌએ નિભાવવાનું છે. સમાજમાં અનેક પ્રકારની ઘટનાઓ બનતી હોય છે ત્યારે, કોઈપણ ઘટના બની ગયા પછી તેને તાત્કાલિક સુધારવા અને ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ના થાય એ માટેનો અભિગમ કેળવીને કામ કરવા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા આપી હતી. આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં જે જૂથચર્ચા સત્રો યોજાયા હતાં તેમાં રોજગારીની તકો ઊભી કરવા, ગ્રામ્ય વિસ્તારમાં આવકમાં વધારો કરવા, સરકારી સેવાઓમાં સંતૃપ્તિ, પ્રવાસનના વિકાસમાં જિલ્લા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં યોગદાન જેવા ચાર મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચિંતન થયું છે, તેની ભલામણોને જિલ્લા સ્તરે ઝડપથી અમલમાં મુકવા મુખ્યમંત્રીએ પ્રેરક સૂચન કર્યું હતું. તેમણે આ સંદર્ભમાં ઉમેર્યું કે, દરેક જિલ્લા કલેક્ટરો, વિકાસ અધિકારીઓ પોતાના જિલ્લામાં આ ભલામણોમાંથી ત્રણ પ્રોજેક્ટ નક્કી કરીને તેના પર ઝડપથી કાર્યવાહી કરે અને સમયાંતરે તેની પ્રગતિની સમિક્ષા પણ કરતા રહે. વિકાસલક્ષી કોઈપણ કામગીરીમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને જ આગળ વધવા મુખ્યમંત્રીશ્રીએ ખાસ આગ્રહ રાખ્યો હતો. ગ્રામ્ય સ્તરથી લઈને રાજ્ય સરકાર સુધીની કડીમાં જિલ્લા વહીવટી તંત્રની ભૂમિકા ચાવીરૂપ છે ત્યારે, ગ્રામ્યસ્તર અને સરકાર વચ્ચે કોઈપણ પ્રકારનો ગેપ ના રહી જાય તે જોવા પણ મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્ર વાહકોને સૂચન કર્યું હતું. રોજિંદી વહીવટી કામગીરીમાં કે વિવિધ પ્રક્રિયાઓમાં ક્યાંક અર્થઘટનના પ્રશ્નો કે કોઈ સમજ ફેરના પ્રશ્નો થતા હોય ત્યારે તેનું સામૂહિક ચિંતન કરીને, આવા પ્રશ્નો ઉકેલવાની દિશામાં ચિંતન શિબિરો દિશાદર્શક બની છે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટેનું લક્ષ્ય નિર્ધારીત કર્યું છે ત્યારે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સતત ચિંતન કરતા રહીને ગુજરાતને વિકાસમાં અગ્રેસર બનાવવા તેમણે આહ્વાન કર્યું હતું. ચિંતન એ માત્ર શિબિર નહીં પણ નિયમિત અને વ્યક્તિગત જીવનની પ્રક્રિયાનો ભાગ હોવો જોઈએ એમ પણ તેમણે ઉમેર્યું હતું. આ તકે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ચિંતન શિબિરના સફળ આયોજન માટે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન આપ્યા હતા. તેમજ ચિંતન શિબિરના માધ્યમથી પ્રાપ્ત થયેલ નૂતન વિચારોને કાર્ય સિદ્ધિ સુધી પહોંચાડવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યકક્ષાની ૧૧મી ચિંતન શિબિરની આભાર વિધિ કરતા સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાનીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીમંડળના સર્વે સદસ્યશ્રીઓ, વરિષ્ઠ સચિવશ્રીઓ અને જિલ્લા કલેક્ટરશ્રીઓ અને ડીડીઓશ્રીઓ જુદા જુદા વિષયો પરની જૂથ ચર્ચામાં સક્રિયપણે સહભાગી થવા અને ઉપયોગી ભલામણો આપવાનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, સરકારના જુદા જુદા વિભાગો વચ્ચે અને જિલ્લા કક્ષાએ સુધી જુદી જુદી કચેરીઓ વચ્ચે યોગ્ય સંકલન સહકારથી વધુ શ્રેષ્ઠ પરિણામો મેળવી શકાશે. આ શિબિરના માધ્યમથી મેળવેલા નવા અભિગમ અને નવા વિચારોને આત્મસાત કરી આગળ વધવા માટે પણ જણાવ્યું હતું. ઉપરાંત તેમણે ચિંતન શિબિરના સમગ્ર આયોજન માટે સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી હારિત શુક્લ અને ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર અને સમગ્ર વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હું નસીબદાર છું, મને ૨૦૨૪માં ત્રણ મોટા હિટ સાગ મળ્યાઃ શર્વરી વાઘ



## શર્વરી વાઘ એક એવી એક્ટ્રેસ છે, જેણે જૂજ ફિલ્મોથી જ બોલિવૂડમાં પોતાનું એક ચોક્કસ સ્થાન બનાવી લીધું છે




શર્વરી વાઘ એક એવી એક્ટ્રેસ છે, જેણે જૂજ ફિલ્મોથી જ બોલિવૂડમાં પોતાનું એક ચોક્કસ સ્થાન બનાવી લીધું છે. ઊભરતા સિતારાઓમાંથી એક જાણીતી સ્ટાર બની ચૂકેલી શર્વરીની ૧૦૦ કરોડની કમાણી કરનારી ફિલ્મ 'મૂંજ્યા' હોય કે પછી વિશ્વ કક્ષાએ ઓટીટી સ્ટ્રીમિંગમાં ટોચ પર પહોંચી ગયેલી ફિલ્મ 'મહારાજ' સાથે તેણે ત્રણ સુપરહિટ ગીતો આપ્યા છે. જેમાં તેની 'મૂંજ્યા'ના ગીત 'તરસ', 'મહારાજ'નું 'હાં કે ના' અને 'મૂંજ્યા'ના 'તૈનું ખબર નહીં'ને યૂટ્યુબ પર ૪૦૦ મિલિયન વ્યૂઝ મળ્યા છે. આ અંગે શર્વરીએ કહ્યું, ''એક કલાકાર માટે ગીતો બહુ જરૂરી છે કારણ કે તેનાથી જ તેઓ દર્શકોના દિલ સુધી પહોંચી શકે છે.''શર્વરી માને છે કે, ''હું મારી જાતને નસીબદાર માનું છું કે મને ૨૦૨૪માં ત્રણ બહુ હિટ ગીતો મળ્યા છે પરંતુ તેમાં સૌથી ખાસ વાત એ છે કે એ બધાં જ ગીતો અલગ છે. તરસ એક બિલકુલ ડાન્સની મજા આવે એવું ગીત છે. જયારે હાં કે ના માં એક જૂના જમાનાની રોમેન્ટિક ગીતો જેવી મજા છે. જ્યારે તૈનું ખબર નહીં આજના જમાનાનું રોમેન્ટિક ગીત છે.'' શર્વરીએ આગળ કહ્યું, ''૨૦૨૪ મારા માટે એક યાદગાર વર્ષ રહ્યું છે. ફિલ્મો તો સફળ રહી જ છે મહારાજ અને મૂંજ્યાના ગીતો પણ ખુબ સફળ રહ્યા છે. મને જે અનુભવાઈ રહ્યું છે તે અનમોલ છે અને મને આશા છે કે ભવિષ્યમાં પણ આ જ પ્રકારની સફળતા જળવાઈ રહે.''શર્વરીએ આગળ જણાવ્યું, ''લોકોએ મારા પર અને મારા ગીતો પર જે પ્રેમ વરસાવ્યો છે તેનાથી હું સહુની બહુ જ આભારી છું. હું તેમને મારા પર વધુ ગૌરવ થાય તેના માટે હજુ વધારે મહેનત કરું છું. કારણ કે એક કલાકારને આટલો પ્રેમ મળે તે એક વિલક્ષણ બાબત છે.'' હવે શર્વરી યશરાજ ફિલ્મ્સની સ્પાય યુનિવર્સની ફિલ્મ આલ્ફામાં આલિયા ભટ્ટ સાથે કામ કરતી જોવા મળશે.

### ઈમ્તિયાઝે કહ્યું, હું ૧૫-૨૦ વર્ષથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડાયરેક્ટર છું

# કોમ્પ્રોમાઈઝ કરવાનો ફાયદો નથી, જો કોઈ યુવતી ના નથી કહી શકતી તોઃ ઈમ્તિયાઝ અલી

બોલિવૂડમાં કાસ્ટિંગ કાઉચનું ચલણ દાયકા જૂનું છે. ઘણી વખત એક્ટર કે એક્ટ્રેસ આ વિશે શૉકિંગ ખુલાસા કરે છે. પ્રોડ્યૂસર-ડાયરેક્ટર કે એક્ટર પર ફિલ્મોમાં કામ અપાવવાના બહાને લોકોનો ફાયદો ઉઠાવવાની વાત કહેવામાં આવે છે. જેના કારણે ખૂબ બદનામી પણ થાય છે. આ સમગ્ર મામલે ફિલ્મ મેકર ઈમ્તિયાઝ અલીએ પોતાનો મત રજૂ કર્યો છે. ઈમ્તિયાઝે કાસ્ટિંગ કાઉચને લઈને કહ્યું, 'આ એટલું લાભદાયી નથી. હું પણ આવા ઘણા કિસ્સા સાંભળું છું જ્યાં લોકોના મનમાં કામના બદલે કૉમ્પ્રોમાઈઝનો ડર બેસેલો છે પરંતુ જ્યાં સુધી હું જાણુ છું, આ હેલ્પ કરતો નથી.' ઈમ્તિયાઝે કહ્યું, 'હું ૧૫-૨૦ વર્ષથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડાયરેક્ટર છું. કાસ્ટિંગ કાઉચ વિશે મે પણ ખૂબ સાંભળ્યું છે અથવા તો કોઈ યુવતી આવે છે કામ માટે અને તેને ડર લાગે છે. જો કોઈ યુવતી ના નથી કહી શકતી તો ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેના ચાન્સ વધતાં નથી. એવું નથી કે જે યુવતી કૉમ્પ્રોમાઈઝ કરી લેશે તેને તે રોલ પાક્કો મળી જશે. શોષણ કરનારા ઘણા બધા હશે. જો કોઈ યુવતી ના કહી શકે છે, પોતાની ઈજ્જત કરે છે તો જ કોઈ બીજો માણસ પણ તેની ઈજ્જત કરશે કારણ કે હું અને ઘણા બધા લોકો એવું પણ વિચારે છે કે શું આપણે આ વ્યક્તિને ગંભીરતાથી લઈ રહ્યાં છીએ કે નહીં. શું મારા મનમાં તે માણસ માટે રિસ્પેક્ટ છે જેથી હું તેને કાસ્ટ કરી શકું. આ એક ગેરસમજણ છે કે જો તમે કૉમ્પ્રોમાઈઝ કરશો તો તમારા ચાન્સ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વધી જશે. મે આના કરતાં ઊંધુ જોયુ છે. જે કૉમ્પ્રોમાઈઝ કરે છે તે પોતાના કરિયરને પણ કૉમ્પ્રોમાઈઝ કરી દે છે.ઈમ્તિયાઝે સેટ પર વુમન સેફટીને લઈને પણ વાત કરી. આ દરમિયાન તેણે કરીના કપૂરનો પણ ઉલ્લેખ કર્યો અને ઉદાહરણ આપતાં સમજાવ્યું કે 'જબ વી મેટના સેટ પર તે બિલકુલ સેફ હતી. મારી એક જર્ની રહી છે. મે સ્મોલ ટાઉન, લાર્જ ટાઉનમાં પણ કામ કર્યુ છે. મે થિયેટર પણ કર્યુ છે, પછી હું મૂવીઝમાં આવ્યો. મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રી જેવું પોતાની મહિલાઓ સાથે વર્તન કરે છે તે ખૂબ પ્રશંસનીય છે. જો એક ફિલ્મ યુનિટમાં ૨૦૦ લોકો કામ કરે છે તો તે ખૂબ સેફ હોય છે. હું તમને મારી ફિલ્મનું ઉદાહરણ આપીને સમજાવું છું. એક સીન હતો જ્યાં કરીના ઉપરની બર્થ પર સૂતેલી છે પરંતુ સીન શરૂ થયા પહેલા લાઈટમેન કહે છે કે અહીં વધુ લાઈટની જરૂર પડશે તો મે કરીનાને કહ્યું કે તમે અહીં આવી જાવ, જ્યારે કામ પૂરું થઈ જાય ત્યાં પાછા સૂઈ જજો. બધાં જાણે છે કે કરીના ફિલ્મ ઈન્ડસ્ટ્રીની દિકરી છે, તે એક સ્ટારકિડ છે. તેણે આ બધું જોયેલું છે. તેને કદાચ ફિલ્મ એથિક્સ વિશે મારા કરતાં પણ વધુ ખબર છે. તો તેણે કહ્યું કે ના, ના તેમને આવવા દો પોતાનું કામ કરવા દો, લાઈટ સેટ કરવા દો, તમે પડદા લગાવી દો. હવે ત્રણ માણસ ત્યાં કામ કરી રહ્યાં છે, પડદા લાગેલા છે અને કરીના સૂતેલી છે. હું પૂછી રહ્યો છું કરીના તમે શ્યોર છો? પરંતુ કરીના મારો પોઈન્ટ સમજી રહી નથી, તે કમ્ફર્ટેબલ છે. તેણે કહ્યું કોણ વારંવાર ઉતરશે-ચઢશે હું અહીં જ ઠીક છું. હું શોક થઈ ગયો હતો.' ઈમ્તિયાઝના જણાવ્યા અનુસાર એવા ઘણા કિસ્સા છે જ્યાં એ સાબિત થાય છે કે કોઈને કોઈ તકલીફ નથી.


કાસ્ટિંગ કાઉચ વિશે મે પણ ખૂબ સાંભળ્યું છે : ઈમ્તિયાઝ


# અભિષેક-ઐશ્વર્યાના છૂટાછેડાની અટકળો વધતાં બચ્ચને આપ્યો સણસણતો જવાબ

અમિતાભ બચ્ચન બ્લોગમાં પ્રકૃતિ, સાહિત્ય અને કરિયર અંગે વાત કરતા રહે છે. સામાન્ય રીતે તેઓ અંગત જીવન પર ખાસ પોસ્ટ મૂકતા નથી. છેલ્લા કેટલાક દિવસોથી અભિષેક અને ઐશ્વર્યા રાય વચ્ચે છૂટાછેડાની અટકળોએ વેગ પકડતાં અમિતાભ બચ્ચન ગુસ્સે ભરાયાં છે. તેમણે પોતાની આગવી અદાથી આવા અહેવાલો પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. બચ્ચને પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે, પ્રશ્ન ચિહ્નો લગાવીને મન ફાવે તેવા અહેવાલો આવી રહ્યા છે. આવા કન્ટેન્ટ પર લેખકને પોતાને વિશ્વાસ હોતો નથી અને લોકો આવા અહેવાલને સાચો માને તેવી ઈચ્છા લેખકો રાખતા હોય છે. સંગીતકાર એ.આર. રહેમાન અને સાયરા બાનોના તલાક અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ બાદ અન્ય એક સેલિબ્રિટી કપલનું દામ્પત્યજીવન પણ ભંગાણના આરે પહોંચ્યું હોવાના અહેવાલો આવ્યા હતા. જેના પગલે અભિષેક અને ઐશ્વર્યા રાયના છૂટાછેડા નક્કી હોવાનું ઘણાં લોકોએ જાહેર કરી દીધું હતું. આ પ્રકારના રિપોર્ટ અંગે અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં ખુલાસો કર્યો છે. તેમણે ઐશ્વર્યા અને અભિષેકનું નામ ક્યાંય લીધું નથી, પરંતુ તેમનો સંકેત સ્પષ્ટ છે. બચ્ચને બ્લોગમાં જણાવ્યું છે, અલગ દેખાવા અને જીવનમાં તેની ઉપસ્થિતિ પર વિશ્વાસ કરવા અત્યંત સાહસ, દૃઢ વિશ્વાસ અને ઈમાનદારીની જરૂર હોય છે. હું મારા પરિવાર અંગે બહુ ઓછું બોલું છું, કારણ કે આ મારું અધિકાર ક્ષેત્ર છે. તેમાં પ્રાઈવસી જાળવી રાખું છું. વધુમાં બિગ બીએ જણાવ્યું છે કે, અટકળો તો આખરે અટકળો જ છે. વેરિફિકેશન વગરની અટકળો અસત્ય છે. પ્રશ્ન ચિહ્નો લાગેલી કેટલીક માહિતીઓ કાયદાકીય રક્ષણ આપી શકે છે, પરંતુ અહેવાલમાં આપેલી વિગતો ભરોસાને ડગાવી નાખે છે. પ્રશ્ન ચિહ્ન લાગે છે ત્યારે લખનાર પોતે માહિતી અંગે અસમંજસમાં હોય છે અને તેના પોતાને ભરોસો નથી હોતો. આમ છતાં લેખકની ઈચ્છા હોય છે કે, અહેવાલ વાંચનારા તેના પર વિશ્વાસ કરે અને તેને આગળ વધારતા રહે. વાચકો આ પ્રકારના કન્ટેન્ટ પર રીએક્શન આપે ત્યારે તે વધારે ફેલાય છે. રીએક્શન પોઝિટિવ અને નેગેટિવ બંને પ્રકારના હોય છે. જો કે લેખકે વિશ્વસનિયા આપવી જોઈએ અને આ જ તેમનો વ્યવસાય છે. ખોટા અથવા પ્રશ્નવાચક અસત્યથી ભરેલા સમાચારોથી કામ પૂરું થઈ જાય છે?



આ પ્રકારના અહેવાલોએ વ્યક્તિ અને પરિસ્થિતિ પર શું અસર કરી તેનો વિચાર થતો નથી. તમારી પાસે વિવેક હતો, ખોટા અથવા પ્રશ્નવાચક અસત્યથી ભરેલા સમાચારોથી કામ પૂરું થઈ જાય છે? પ્રશ્ન ચિહ્નો સાથે આવતાં કન્ટેન્ટ પર લેખકને પોતાને વિશ્વાસ નથી હોતો અને લોકો આ વાત સાચી માને તેવી ઈચ્છા રાખે છે, તો શું એને દબાવી દેવામાં આવ્યો છે? હવે અહીંયા મેં પણ પ્રશ્ન ચિહ્ન લગાવી દીધાં છે.

**ખોટા અથવા પ્રશ્નવાચક અસત્યથી ભરેલા સમાચારોથી કામ પૂરું થઈ જાય છે..?**



### બિઝનેસમેન કબીર સાથે સંબંધો અંગે ક્રિતિ અત્યાર સુધી મૌન હતી

# ક્રિતિ સેનનના બર્થડે વિશમાં પણ ઈશારો, કબીર સાથે રિલેશનશિપ કન્ફર્મ કરી?



ક્રિતિ તેના ગ્લેમરસ દેખાવ અને પ્રભાવશાળી અભિનય માટે જાણીતી છે. એક તરફ તેની ગ્લેમરસ પોસ્ટથી સોશિયલ મીડિયામાં લોકો તેના તરફ આકર્ષાતા રહે છે, બીજી તરફ તે 'મિમી' જેવી ફિલ્મો માટે નેશનલ એવોર્ડ પણ જીતે છે. તેણે તેની છેલ્લી ઘણી ફિલ્મોમાં વૈવિધ્યસભર રોલ કર્યા છે, પછી તે 'ભેડીયા' હોય, 'આદિપુરુષ', 'તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા' કે પછી 'દો પત્તી'.તાજેતરમાં જ તેની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચાઓ જગાવી છે. ક્રિતિએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કબીર બહિયાને બર્થ ડે પર વિશ કરી હતી. તેનાથી ચર્ચાઓ શરૂ થઈ છે કે શું તેણે કબીર બહિયા સાથે પોતાની રિલેશનશિપ કન્ફર્મ કરી છે. તેણે સોશિયલ મીડિયા પર વિશ કરીને બર્થ ડે સેલિબ્રેશનમાં પણ ભાગ લીધો હતો. તેણે પોસ્ટમાં ''હેપિએસ્ટ બર્થ ડે કે! મે યોર ઈનોસન્ટ સ્માઈલ ઓલ્વેઝ સ્ટે અલાઈવ(તારું નાદાન સ્મિત હંમેશા જીવંત રહે)!'' પછી તેણે એક રેડ હાર્ટનું ઈમોજી મુક્યું હતું. સાથે તેણે કબીર સાથે એક તસવીર પણ શેર કરી હતી.

### ભૂલ ભૂલૈયા-૩નું દમદાર કલેક્શન

# ટેક્સ ફ્રી થયા પછી પણ 'ધ સાબરમતી રિપોર્ટ'ની કમાણી ના વધી

## આ ફિલ્મમાં વિક્રાંત મેસીની એક્ટિંગની દર્શક તેમજ ક્રિટિક્સ પણ ખૂબ પ્રશંસા કરી રહ્યાં છે




સત્ય ઘટના પર આધારિત 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ ટેક્સ ફ્રી થયા પછી પણ કમાણી કરી શકી નથી. રંજન ચંદેલે ડિરેક્ટ કરેલી આ ફિલ્મ ૧૫ નવેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં વિક્રાંત મેસીની એક્ટિંગની દર્શક તેમજ ક્રિટિક્સ પણ ખૂબ પ્રશંસા કરી રહ્યાં છે. આ ઉપરાંત ફિલ્મમાં રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરાએ પણ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. આ ફિલ્મની રિલીઝને ૭ દિવસ થઈ ગયા છે, જેના કલેક્શનના આંકડા ગુરુવારે સામે આવ્યા હતા. ધ સાબરમતી રિપોર્ટની કહાનીની વાત કરીએ તો આ ખૂબ જ દમદાર છે. ઘણી વખત જોવામાં આવે છે કે રિયલ લાઈફ ઘટના પર આધારિત ફિલ્મોને દર્શક ખૂબ પસંદ કરે છે પરંતુ વિક્રાંત મેસીની ફિલ્મની કહાનીની અસર બોક્સ ઓફિસ કલેક્શન પર નજર આવી રહી નથી. તાજેતરમાં જ ફિલ્મને મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન સિવાય હરિયાણામાં પણ વિક્રાંત મેસીની ધ સાબરમતી રિપોર્ટને ટેક્સ ફ્રી કરવામાં આવી છે.જો ફિલ્મની રેટિંગને લઈને વાત કરવામાં આવે તો આને IMDb પર ૧૦માંથી ૮.૩ ની રેટિંગ મળી છે અને ગૂગલ પર આને ૫માંથી ૪.૬ ની રેટિંગ મળી છે. મૂવીએ ઓપનિંગ ડે પર ૧.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ. હવે ગુરુવારના આંકડા પણ સામે આવી ચૂક્યા છે. એક રિપોર્ટ અનુસાર વિક્રાંત મેસીની ફિલ્મે ૭માં દિવસે ૧.૧૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ. દરમિયાન ફિલ્મનું કુલ કલેક્શન ૧૧.૪૫ કરોડ રૂપિયા થઈ ગયુ છે.

# ડેટિંગ ચાલતું હોવાની વિજયની કબૂલાત

વિજય દેવરકોંડાએ પોતે હાલ રિલેશનશિપમાં હોવાની વાત કબૂલી લીધી છે. હવે રશ્મિકા મંદાના ક્યારે પોતાના પ્રેમની જાહેર કબૂલાત કરે છે તેની રાહ જોવાઈ રહી છે. વિજય અને રશ્મિકા લાંબા સમયથી લિવ ઈન રિલેશનશિપ માં રહેતાં હોવાનું કહેવાય છે. તેઓ સાથે સાથે ફરવા ગયાં હોય તેવા એકથી વધુ તસવીરી પુરાવા સોશિયલ મીડિયા પર પણ ઉપલબ્ધ છે. જોકે, બંનેએ ક્યારેય તેમનાં સંબંધની કબૂલાત કરી નથી. હવે એક સંવાદમાં વિજયે પોતે કબૂલ્યું હતું કે હું હાલ સિંગલ નથી. જોકે, તેણે રશ્મિકાનું નામ લીધું નથી. પરંતુ, તેના ચાહકોએ તે રશ્મિકા વિશે જ વાત કરી રહ્યો હોવાનું માની લીધું છે. રશ્મિકા હાલ કારકિર્દીના સુવર્ણ કાળમાંથી પસાર થઈ રહી છે. રશ્મિકા હાલ કારકિર્દીના સુવર્ણ કાળમાંથી પસાર થઈ રહી છે, તેની 'પુષ્પા ટૂ' સુપરહિટ જશે તેવી આગાહી અત્યારથી જ થઈ ચૂકી છે, તેની 'પુષ્પા ટૂ' સુપરહિટ જશે તેવી આગાહી અત્યારથી જ થઈ ચૂકી છે. આ અગાઉ તે 'એનિમલ' જેવી સુપરહિટ ફિલ્મ આપી ચૂકી છે. આ તબક્કે તે રિલેશનશિપની કબૂલાત કરે તે માટે સૌથી અનુકૂળ સમય છે.





# એક સમયે ૨ રૂમના ઘરમાં ૧૨ લોકો સાથે રહેતો હતો એક્ટર



આજના સમયમાં એવા ઘણા એક્ટર અને એક્ટ્રેસ છે જેમણે બહારના હોવા છતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની જગ્યા બનાવી છે. પોતાની એક્ટિંગથી એ કલાકારોએ લાખો ફેન્સ બનાવ્યા છે અને હવે તેઓ ફિલ્મમાં કામ કરવા માટે કરોડો રૂપિયા વસૂલે છે. આવા કલાકારોમાં કાર્તિક આર્યનનું નામ પણ સામેલ છે.આ પણ વાંચોઃ ૬ વખત એક જ નામથી બની ફિલ્મો, ૩માં તો હીરો પણ ન બદલાયો, છતાં રહી સુપરહિટઆજે નામથી લઈને પૈસા સુધી કાર્તિક પાસે કોઈ પણ વસ્તુની કમી નથી. તેણે વર્ષ ૨૦૧૧માં તેની ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. તેની પ્રથમ ફિલ્મ 'પ્યાર કા પંચનામા' હતી, જેનું નિર્દેશન લવ રંજન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ માટે કાર્તિકને માત્ર ૭૦ હજાર રૂપિયાની ફી મળી હતી. જોકે, આજે તે એક ફિલ્મ માટે કરોડો રૂપિયા લે છે.આજે એટલે કે ૨૨મી નવેમ્બરે કાર્તિકનો ૩૪મો જન્મદિવસછે. તેનો જન્મ ગ્વાલિયરમાં થયો હતો. જ્યારે તે ૧૦મા ધોરણમાં હતો ત્યારે તેણે નક્કી કરી લીધું હતું કે તે એક્ટર બનવા માંગે છે. જ્યારે કાર્તિક મુંબઈમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યો હતો, તે જ સમયે તેણે એક્ટિંગમાં પણ હાથ અજમાવવાનું શરૂ કર્યુ હતું.કોલેજના ત્રીજા વર્ષમાં તેને 'પ્યાર કા પંચનામા' માટે પસંદ કરવામાં આવ્યો, ત્યારબાદ તેણે કોલેજ છોડી દીધી. જોકે બાદમાં તેણે ફાઈનલ એક્ઝામ આપી હતી. રિપોર્ટ અનુસાર, જ્યારે કાર્તિક 'પ્યાર કા પંચનામા'માં કામ કરી રહ્યો હતો ત્યારે તે મુંબઈના લોખંડવાલામાં રહેતો હતો.

# કચ્છ નહિ દેખા, તો કુછ નહિ દેખા; કચ્છમાં આવેલું વિશ્વ વારસાનું સ્થળ - ધોળાવીરા

## યુનેસ્કોએ વર્ષ-૨૦૨૧માં કચ્છના, ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સામેલ કર્યું

**। કચ્છ, તા.૨૩ ।**



ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને જળ વ્યવસ્થાપનનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે હડપ્પન સંસ્કૃતિનું પ્રાચીન ધોળાવીરા નગર સ્વદેશ દર્શન ૨.૦ પ્રોજેક્ટ હેઠળ રૂ. ૧૩૫ કરોડના ખર્ચે ધોળાવીરામાં કચ્છની સંસ્કૃતિ, કલા અને ઈતિહાસને ઉજાગર કરતા લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતના વિવિધ વિકાસ કામો હાથ ધરાશે ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ દ્વારા સમગ્ર ભારતમાં તા. ૧૯ થી ૨૫ નવેમ્બર,૨૦૨૪ દરમિયાન ‘‘વર્લ્ડ હેરીટેજ સપ્તાહ’’ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે વર્લ્ડ હેરીટેજ સપ્તાહની ઉજવણી “Discover and Experience Diversity” થીમ પર થઈ રહી છે. ગુજરાતના કેટલાક મહત્વના હેરીટેજ સ્થળોને યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટમાં સ્થાન પ્રાપ્ત થયું છે. તાજેતરમાં જ કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરીટેજ સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયો છે. આ સ્થળને વર્ષ-૧૯૬૭માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા શોધી કાઢવામાં આવ્યું હતું, પરંતુ ૧૯૯૦ થી જ વ્યવસ્થિત રીતે ઉત્ખનન કરવામાં આવ્યું હતું. કલાકૃતિઓમાં ટેરાકોટા, માટીકામ, માળા, સોના અને તાંબાના ઘરેણાં, સીલ, માછલી પકડવાના હૂક, પ્રાણીઓની મૂર્તિઓ, ઓજારો, ભઠ્ઠીઓ અહીં ખોદકામ દરમિયાન મળી આવી હતી. પુરાતત્વ વિભાગ પ્રાપ્ત માહિતી અનુસાર આ નગર અંદાજે ૫ હજાર વર્ષ જૂનું હોવાનું માનવામાં આવે છે. ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિનું શ્રેષ્ઠ નગર આયોજન, શ્રેષ્ઠ જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન પ્રણાલીનું એક ઉત્તમ ઉદાહરણ છે. ધોળાવીરામાં ઉત્ખનન દરમિયાન સિંધુ સભ્યતાનું એક સાઈન બોર્ડ પણ મળી આવ્યું હતું, જેને આજદિન સુધી ઉકેલી શકાયું નથી. ધોળાવીરાને અહીં કચ્છના સ્થાનિક લોકો કોટડા એટલે કે મોટા કિલ્લા તરીકે પણ ઓળખે છે. કચ્છ જિલ્લાના ખદીર બેટમાં ચોતરફ મીઠાના રણની વચ્ચે ધોળાવીરા આવેલું છે. અહી ઉત્તરમાં માનસર અને દક્ષિણમાં મનહર એમ બે નદીઓ વહેતી હતી. મીઠાના વિશાળ સફેદ આચ્છાદિત ચાદરના રણથી ઘેરાયેલું આ પ્રાચીન નગર વન્યજીવ સૃષ્ટિ માટે પણ જાણીતું છે. જ્યાં ચિંકારા, નીલગાય, ફ્લેમિંગો જેવા પશુ-પક્ષીઓ જોવા મળે છે. ધોળાવીરા એ સમયે નગર રચના માટે વિખ્યાત હશે તેમ જાણકારોનું માનવું છે. મુખ્ય કિલ્લો જે સૌથી ઊંચાણવાળી જગ્યાએ છે અને અન્ય બે નગરો નીચેના વિસ્તારમાં મળી આવ્યા છે. આ ઉપરાંત પથ્થરનું બાંધકામ પણ ધોળાવીરામાં જોવા મળે છે. સ્વચ્છતાનું સુંદર નિયોજન ધોળાવીરામાં જણાઈ આવે છે, કારણ કે અહીં ભૂર્ગભ ગટર વ્યવસ્થા પણ મળી હતી. સુરક્ષા માટે નગરની ફરતે મોટી દીવાલો પણ અહીં મળી આવી હતી. ધોળાવીરાની બાજુમાંથી પસાર થતી નદીઓનું પાણી અંદર સુધી આવે તે રીતે જળ વ્યવસ્થાપન જોવા મળે છે. અન્ય સંસ્કૃતિઓના શહેરોમાં કાચી પાકી ઈંટો દ્વારા બાંધકામ કરવામાં આવેલું છે. જ્યારે ધોળાવીરામાં લગભગ ચોરસ અને લંબચોરસ પથ્થરોથી બાંધકામ થયું છે અને પથ્થરો થોડેક છેટે બાજુમાં ખાણોમાંથી કાઢેલા છે. ધોળાવીરામાં નગરની ચારેબાજુ સંરક્ષિત દીવાલ આવેલી છે. ધોળાવીરા નગર મુખ્ય ત્રણ ભાગમાં વહેચવામા આવ્યું છે (૧) રાજાનો/શાસક અધિકારીનો રાજમહેલ કે જે ઊંચાઈવાળી જગ્યા પર છે. તેની ચારે-બાજુથી મજબૂત કિલ્લાબંદી કરવામાં આવી હતી. આ કિલ્લામાં ચાર દરવાજા હતાં (૨) અન્ય અધિકારીઓનાં આવાસ કે જેના ફરતે પણ રક્ષણાત્મક દિવાલ હતી અને બેથી પાંચ ઓરડાવાળા મકાન હતાં. (૩) સામાન્ય નગરજનોનાં આવાસ હાથે ઘડેલી ઈંટોના બનાવેલા હતા. આ નગરમાં મોતી બનાવાનું મોટું કારખાનું મળી આવ્યું છે. અહીંથી પ્રાપ્ત થયેલા અવશેષોમાં તાંબુ ગાળવાની ભઠ્ઠીઓ મળી આવી છે. સ્વદેશ દર્શન ૨.૦ માં ધોળાવી-રાને આવરી લઈને વિવિધ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરાશે ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટ ધોળાવીરાની સર્વગ્રાહી વિકાસ માટે પસંદગી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત ભારતના આવા કુલ ૫૦ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે સ્થળો ધોળાવીરા અને દ્વારકાની પસંદગી થયેલી છે. ધોળાવીરાને સસ્ટેનેબલ એન્ડ રીસ્પોન્સ ટુરીસ્ટ સ્થળ તરીકે વિકસાવવાના હેતુસર બે ભાગમાં કામગીરી કરવામાં આવશે. પ્રથમ ફેઝમાં કલ્ચર વિલેજ, એમ્ફીથીયેટર, ટેન્ટ સીટી, ટુરીસ્ટ પ્લાઝા અને રસ્તાના વિકાસ સહિતના કામો હાથ ધરાશે.

# બાગાયત ખાતાની ક્રોપ કવર તેમજ નિકાસને પ્રોત્સાહન આપતી યોજનાઓ માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

## અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતો તા.૨૦/૧૨/૨૦૨૪ સુધી પોર્ટલ પર અરજી કરી શકશે

**। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા વિવિધ સહાયો માત્ર અરજી કરવા માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

જે અંતર્ગત ખેડૂતોએ સહાયલક્ષી ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), ક્રોપ કવર / બેગ (કેળ / પપૈયા પાક માટે), દાડમ ક્રોપ કવર / ખારેક બંચ કવર, ફ્રૂટ કવર (આંબા, દાડમ, જામફળ, સિતાફળ, કમલમ (ડ્રેગન ફ્રૂટ)), દરીયાઈ માર્ગે ફળ,શાકભાજી, ફુલ તથા છોડના નિકાસ માટે વાહતુક ખર્ચ, હવાઈ માર્ગે બાગાયતી પેદાશની નિકાસ માટેના નુરમાં સહાય તથા નિકાસકારોને બાગાયતી પાકોની ઈરેડીએશન પ્રક્રિયા માટે સહાય ઘટકોમાં યોજનાઓના લાભ મેળવવા માટે ૨૦/૧૨/૨૦૨૪ સુધી ikhedut portal (www.ikhedut.gujarat.gov.in) પરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે બાગાયતદાર ખેડૂતો આ યોજનાઓનો લાભ લેવા માંગતા હોય તેઓ પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન અરજી કરી શકે છે, તેમ બાગાયત વિભાગની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. અરજી કર્યા બાદ ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટઆઉટ અને તેની સાથે જરૂરી સંબધિત સાધનિક કાગળો (૮-અ, ૭-૧૨ ની નકલ, આધારકાર્ડ, ખેડૂત નોંધણી પત્રક, બેંક પાસબુકની નકલ/ બેંક ખાતાની વિગત) સહિત ૭ દિવસમાં નાયબ બાગાયત નિયામકની કચેરી, પ્રથમ માળ, બ્લોક-સી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે જમા કરાવવાની રહેશે.

ખેડૂતો આ અંગે વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરીનો ૦૭૯-૨૬૫૭૭૩૧૬ પર સંપર્ક કરી શકશે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની હૈદરાબાદમાં કાન્હા શાંતિવનમ્ ખાતે આદરણીય દાજી સાથે મુલાકાત

## ‘હાર્ટફુલનેસ’ના માર્ગદર્શક અને શ્રીરામચંદ્ર મિશનના અધ્યક્ષ આદરણીય શ્રી દાજી સાથે મુલાકાત દરમિયાન અનેક મુદ્દાઓ પર વિમર્શ



**। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।**





ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે હૈદરાબાદ પાસે ‘હાર્ટફુલનેસ‘ ધ્યાન કેન્દ્રના મુખ્યાલય અને વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્ર - કાન્હા શાંતિવનમ્ ની મુલાકાત લીધી હતી. હાર્ટફુલનેસ એ ધ્યાન અને મનની શાંતિ, આનંદ તથા ગહનતા માટે જીવનશૈલી પરિવર્તનની એક સરળ પદ્ધતિ છે, જે શ્રી રામચંદ્ર મિશન દ્વારા ભારતમાં ઔપચારિક રીતે શીખવવામાં આવે છે. જેનો ઉદ્દેશ લોકોના મનમાં શાંતિ, ખુશી અને જ્ઞાન પ્રસરાવવાનો છે. આ પદ્ધતિ યોગનું એક આધુનિક સ્વરૂપ છે, જે સંતોષ, આંતરિક શાંતિ અને સ્થિરતા, કરુણા, સાહસ અને વિચારની સ્પષ્ટતાને પ્રોત્સાહન આપે છે. ૧૬૦ દેશોમાં ૫,૦૦૦થી વધુ કેન્દ્રો હાર્ટફુલનેસ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપી રહ્યા છે, જેમાં લાખો પ્રેક્ટિશનર્સ અને વોલન્ટિયર્સ જોડાયેલા છે. રાજ્યપાલશ્રીએ કૃષિ, વિજ્ઞાન અને શિક્ષણ ક્ષેત્રે આદરણીય દાજીના દ્રષ્ટિકોણની પ્રશંસા કરી અને તેમની પ્રાચીન વિદ્યાની ઊંડાણ પૂર્વકની સમજ માટે પ્રશંસા કરી હતી. આદરણીય દાજીએ રાજ્યપાલ શ્રીના પ્રાકૃતિક ખેતી વિષયક જ્ઞાન અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવા માટેના પ્રયત્નોને બિરદાવ્યા હતા. રાજ્યપાલશ્રીએ કાન્હા શાંતિવનમ્ ના અનોખા વરસાદી જંગલ, નર્સરી, આધુનિક ટીશ્યુ કલ્ચર લેબોરેટરી અને અન્ય સંભાગોની મુલાકાત લીધી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત જઈએ કાન્હા શાંતિવનમ્ ના પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ‘‘હું કાન્હા શાંતિવનમ્ માં કૃષિ અને શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા કાર્યથી અત્યંત પ્રભાવિત થયો છું. આદરણીય દાજીના માર્ગદર્શન હેઠળ હાર્ટફુલનેસે જે ઉપલબ્ધિઓ હાંસલ કરી છે તે સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી છે.’’ આદરણીય દાજીએ જણાવ્યું કે, ‘‘માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે કૃષિ અને શિક્ષણની પ્રાચીન અને આધુનિક તકનિકોના સંમિશ્રણ પર ચર્ચા કરતાં અમને ગર્વની અનુભૂતિ થઈ. તેમના પ્રાકૃતિક ખેતીના જ્ઞાન અને સંશોધનો સાથે અમે ખેડૂતોને મજબૂત સહકાર આપી શકીશું.’’ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સમક્ષ હાર્ટફુલનેસ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા બ્રાઈટર માઈન્ડ્સ કાર્યક્રમનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફક્ત બે દિવસમાં ૧૦ દર્દીઓની લીથોટ્રીપ્સીથી ઓપેરેશન વગર પથરીની સારવાર કરાઇ

## કુલ ૪૦ દર્દીઓ પથરીની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં વેઇટીમાઃ જેમની પણ ઝડપથી સારવાર કરાશે



**। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પેઈનલેસ પથરી ની સારવાર ઉપલબ્ધ થઈ છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફક્ત બે દિવસમાં ૧૦ દર્દીઓને લીથોટ્રીપ્સીથી ઓપેરેશન વગર પથરીની સારવાર કરાઈ છે.

આ અંગે વધુ વિગતો આપતા સિવિલ હોસ્પિટલ યુરોલોજી વિભાગ નાં વડા ડૉ. શ્રેણીક શાહે જણાવ્યું હતું કે, લીથોટ્રીપ્સી એટલે કે Extracorporeal Shock Wave Lithotripsy (ESWL) સારવાર એ કિડની અને મૂત્રમાર્ગમાં રહેલ પથરીને તોડવા માટે એક સુરક્ષિત, અસરકારક અને દર્દી માટે અનુકૂળ સારવાર પદ્ધતિ છે. ડો. શ્રેણીક શાહે વધુ માં જણાવ્યું હતું કે, બે દિવસ માં ત્રણ વર્ષ થી લઈ ૮૯ વર્ષ સુધીનાં દસ દર્દીને કિડની અને પેશાબના માર્ગ માં રહેલ {1.5 સે.મી થી ૨ સે. મી સાઈઝની પથરીને લીથોટ્રીપ્સીની મદદથી સફળતાપૂર્વક સારવાર કરી છે .આ દર્દીઓની પથરી સંપૂર્ણપણે દૂર થઈ છે અને દર્દીઓ હાલ સંપૂર્ણ સ્વસ્થ છે. બીજા ૪૦ જેટલા પથરીના દર્દીઓ વેઈટીગ માં છે જેમને જલ્દી આ પધ્ધતિ થી સારવાર કરી દર્દમુકત કરવામા આવશે.

**લીથોટ્રીપ્સી સારવારથી પથરીના દર્દીઓ માટે મુખ્ય ફાયદાઓ**

★ કોઈ ચીરફાડ કે કાપાની જરૂર હોતી નથી.

★ દર્દીની તકલીફ માં ઝડપી સુધારો થાય છે.દર્દી ૧ થી ૨ કલાક માં પોતાની રોજીંદા સામાન્ય ક્રિયાઓ પર પાછા ફરી શકે છે

★ સારવાર નું જોખમ ઓછું હોય છે. ઓછો દુખાવો, ઓછું ચેપનું જોખમ અને કોઈ મોટી તકલીફ હોતી નથી.

સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી એ જણાવ્યુ હતુ કે ,રાજ્ય સરકાર દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે કરોડો રૂપિયાનાં ખર્ચે કૉર્પોરેટ કક્ષાની સુવિધા ઉભી કરવામાં આવી છે. જે સિવિલ હોસ્પિટલ ખાતે આવતા પથરીના દર્દીઓની સારવાર માટે ચોક્કસપણે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

# ૨૪મી નવેમ્બર થી ૧લી ડિસેમ્બર સુધી બોપલ રેલવે ફાટક બંધ રહેશે

**। અમદાવાદ, તા.૨૩ ।**

પશ્ચિમ રેલ્વે અમદાવાદ ડિવિઝનના ગોરાઘુમા-આંબલી રોડ સ્ટેશનો વચ્ચે આવેલ રેલ્વે ક્રોસિંગ નંબર ૧૫ કિમી ૫૧૬/૪-૬ (બોપલ રેલ્વે ફાટક) તાત્કાલિક સમારકામ માટે ૨૪ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ ૨૦:૦૦ વાગ્યા સુધી ટ્રાફિક માટે બંધ રહેશે.

રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર ૧૬ A અને SP રિંગ રોડ (હાઈવે) પરથી મુસાફરી કરી શકે છે.

# ભૂલકા મેળામાં બહેનો દ્વારા વિવિધ થીમ આધારિત TLMs(ટીચિંગ લર્નિંગ મટિરિયલ) બનાવવામાં આવ્યા



**। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદ જિલ્લા પંચાયતના આઈસીડીએસ વિભાગ દ્વારા દસ્ક્રોઈ તાલુકામાં આવેલા સિટી ગ્રામ્ય ઘટકના જાણુ ગામમાં ઘટક કક્ષાના ભૂલકા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભૂલકા મેળામાં બહેનો દ્વારા વિવિધ થીમ આધારિત TLMs(ટીચિંગ લર્નિંગ મટિરિયલ) બનાવવામાં આવ્યા હતા. તેમજ બાળકો દ્વારા ખૂબ જ સુંદર પાણી/વરસાદની થીમ સાથે કૃતિ રજૂ કરવામાં આવી હતી. ભૂલકા મેળામાં સહભાગી થયેલાં બાળકોને પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવ્યું હતું. આ ભૂલકા મેળામાં સીડીપીઓશ્રી, જિલ્લા પીએસઈ, ગામના સ્થાનિક આગેવાનો, સરપંચ, ઘટકના મુખ્ય સેવિકા બહેનો, ઘટકના પીએસઈ ઈન્સ્ટ્રક્ટર, ઘટકના આંગણવાડી બહેનો તેમજ ભૂલકાઓ હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.



**મકર (ખ,જ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે.



### મે ૨૦૨૩થી શરૂ થયેલી હિંસાએ કુલ ૨૫૮ લોકોનો ભોગ લીધો

# મણિપુરમાં સ્થિતિ કાબુ બહાર જતા કેન્દ્ર વધુ ૧૦ હજાર જવાન મોકલશે

। (એજન્સી) મણિપુર, તા.૨૩ ।

મણિપુરમાં ગયા વર્ષે મે મહિનાથી શરૂ થયેલી હિંસામાં અત્યાર સુધીમાં કુલ ૨૫૮ લોકો માર્યા ગયા છે. મૈતેઈ અને કૂકી સમુદાય વચ્ચે ફાટી નિકળેલી આ હિંસામાં બાદમાં ઉગ્રવાદીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમને પહોંચી વળવા તેમજ હિંસા પર કાબુ મેળવવા માટે કેન્દ્ર સરકારે વધુ ૧૦ હજાર જવાનો મોકલવાનો નિર્ણય લીધો છે. હજુ એક સપ્તાહ પહેલા જ પાંચ હજાર જવાનોને રવાના કરાયા હતા. જોકે સ્થિતિ કાબુમાં ના આવી રહી હોવાથી વધુ જવાનો મોકલવામાં આવી રહ્યા છે. મણિપુરના સુરક્ષા સલાહકાર કુલદીપસિંહે જણાવ્યું હતું કે મણિપુરમાં કેન્દ્રીય દળોની વધુ ૯૦ કંપનીઓ મોકલવામાં આવશે જેમાં જવાનોની કુલ સંખ્યા આશરે ૧૦૮૦૦ જેટલી હશે, આ ૯૦ કંપનીઓ સાથે જ મણિપુરમાં કુલ તૈનાત કેન્દ્રીય દળની કંપનીઓની સંખ્યા ૨૮૮એ પહોંચી ગઈ છે. તેમણે સાથે એમ પણ જણાવ્યું હતું કે મણિપુરમાં ગયા વર્ષથી હિંસા ફાટી નીકળી તેમાં કુલ ૨૫૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જે ૧૦ હજારથી વધુ જવાનોને રવાના કરાયા છે તેમાંથી મોટી સંખ્યામાં ઈમ્ફાલ પહોંચી પણ ગયા છે. સાથે જ હિંસાને પહોંચી વળવા માટે તમામ જિલ્લામાં સેલ્સ અને જોઈન્ટ કન્ટ્રોલ રૂમ પણ ઉભા કરવામાં આવશે. ઉગ્રવાદીઓ દ્વારા લૂંટી લેવામાં આવેલા ત્રણ હજારથી વધુ હથિયારોને સુરક્ષા દળોએ પરત મેળવી લીધા છે.



### રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં નથી રમી રહ્યો

# કે એલ રાહુલ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રન કરવામાં સફળ થશે : ગાવસ્કર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝ પૂર્વે ભારતના સ્ટીલિશ ક્રિકેટર કે એલ રાહુલને લઈને નિવેદન કર્યું છે. ગાવસ્કરે રાહુલ પર વિશ્વાસ મુકતા જણાવ્યું કે, છેલ્લા થોડા સમયથી ફોર્મવિહોણો જણાતો રાહુલ ઓસ્ટ્રેલિયા સામે રન કરવામાં સફળ થશે. અગાઉ ગત વર્ષે દક્ષિણ આફ્રિકા સામે જે પ્રકારે તે રમ્યો હતો તેનું ઓસ્ટ્રેલિયામાં તે પુનરાવર્તન કરી શકે છે.ભારતીય ટીમનો નિયમિત સુકાની રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં નથી રમી રહ્યો જેને પગલે ભારત પાસે રિઝર્વ ઓપનર અભિમન્યુ ઈશ્વરન તથા કેએલ રાહુલ બંનેમાંથી કોઈ એકને યશસ્વી જયસ્વાલ સાથે ઓપનિંગમાં ઉતારવામાં આવી શકે છે. ટીમ મેનેજમેન્ટ રાહુલને લઈને મક્કમ છે. ગત વર્ષે તેણે ઓપનર તરીકે સેન્ચુરિયનમાં સદી ફટકારી હતી. પરંતુ ભારત તરફથી ૫૩ ટેસ્ટ રમી ચુકેલો રાહુલ સાતત્યપૂર્ણ દેખાવ કરી શક્યો નથી.ગાવસ્કરે વધુમાં જણાવ્યું કે, કે એલ રાહુલને ભાગ્યનો થોડો સાથ મળશે તો તે ઓસ્ટ્રેલિયા સામે પણ શાનદાર દેખાવ કરશે. ભારતના ભૂતપૂર્વ બેટ્સમેનના મતે ટેસ્ટ ક્રિકેટમાં ટીમે તેના શ્રેષ્ઠ બોલર્સને રમાડવા જોઈએ. ભલે ટીમમાં બે સ્પિનર્સનો સમાવેશ કરવામાં આવે છે પરંતુ તે પણ શ્રેષ્ઠ હોવા જોઈએ. પર્થ ટેસ્ટમાં ભારતીય ટીમમાં નવોદીત ઓલરાઉન્ડર નિતિશ રેડ્ડીને તક મળે તેવી શક્યતા છે. નિતિશ ચોથા પેસર બોલર તરીકે ટીમમાં સ્થાન મેળવી શકે છે.

### ઉમર અબ્દુલ્લાના આ નિવેદનથી ખળભળાટ

# કોંગ્રેસ અમારી સરકારનો હિસ્સો નથી : ઉમર અબ્દુલ્લા

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે શુક્રવારે મોટુ નિવેદન આપ્યું છે કે, કોંગ્રેસ મારી સરકારનો હિસ્સો નથી. તે અમને બાહ્ય ટેકો આપે છે. સીએમ ઓમર અબ્દુલ્લાહે મહારાષ્ટ્રમાં ચૂંટણી અને જમ્મુ ક્ષેત્રમાં નાગરિકો પર કથિત અત્યાચાર મામલે પણ નિવેદન આપ્યા છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીએ મીડિયાને જણાવ્યું છે કે, શુક્રવારે કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિધાનસભા પ્રસ્તાવ પર કોંગ્રેસના વલણ, કેદીઓ, કિશ્તવાતમાં સ્થાનિકો અને સેના પર અત્યાચાર મુદ્દે ચર્ચા થઈ હતી. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સે સાથે મળીને ચૂંટણી લડી હતી. જેમાં નેશનલ કોન્ફરન્સને બહુમતી મળી હતી. પરંતુ કોંગ્રેસ ઓમર અબ્દુલ્લાહને બાહ્ય સમર્થન આપી રહી હોવાનુ ચોંકાવનારૂ નિવેદન આપતાં રાજ્યના રાજકરણમાં ખળભળાટ મચ્યો છે. કેબિનેટ બેઠકમાં જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. વિધાનસભામાં તેને બહુમત સાથે પસાર કર્યો હતો. જેમાં કોંગ્રેસના સભ્યો પણ ઉપસ્થિત હતા. અમે આ મુદ્દે આગળ વધ્યા છે. રાજકારણના કેદીઓને મુક્ત કરાવવાના સવાલ પર ઓમરે કહ્યું કે, કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા કેન્દ્રના અધિકાર ક્ષેત્રમાં હોવા છતાં અમે સત્ય ઉજાગર કરવામાં સફળ રહ્યા છે. મેં વિધાનસભામાં ભાષણ આપ્યું હતું કે, સત્યને અમે હાથો બનાવ્યો છે. અને સરળ પગલાં લીધા છે. આ મામલે સફળતાની અપેક્ષા છે. જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો મળ્યા બાદ સરકાર રાજકીય કેદીઓ વિશે ધ્યાન કેન્દ્રિત કરશે. અને તેમને મુક્ત કરાવવા તમામ પ્રયાસો કરશે. જેના માટે ત્રણ સભ્યોની કેબિનેટ ઉપ-સમિતિની રચના કરવામાં આવી હતી. જે સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશનું પાલન કરતાં દ્રષ્ટિકોણ અપનાવશે. સમિતિ કેબિનેટને રિપોર્ટ સોંપી આ મામલે મદદ કરશે.



### લાંચ, રોકાણકારોને છેતરવાના કેસમાં અદાણીની મુશ્કેલી વધી

# અમેરિકી સરકાર ગૌતમ અદાણીના પ્રત્યાર્પણની માગ કરે તેવી સંભાવના

### અદાણી કેસ પર અમારી નજર છે પણ સાથે અમેરિકા અને ભારતના સંબંધો પણ ઘણા મજબૂત : વ્હાઈટ હાઉસ

। (એજન્સી) ન્યૂયોક, તા.૨૩ ।

ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત અદાણી જૂથના સાત એક્ઝિક્યુટિવ્સ પર ભારતમાં સોલાર પ્રોજેક્ટ માટે ભારતીય અધિકારીઓને લાંચ ઓફર કરવાના કેસમાં અમેરિકામાં દિવાની અને ફોજદારી આરોપ ઘડાયા પછી ન્યૂયોર્કના ટોચના વકીલે કહ્યું હતું કે, આ કેસ ઘણો આગળ વધી શકે છે. ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો વિરુદ્ધ ધરપકડ વોરન્ટ કાઢ્યા પછી હવે અમેરિકા તેમના પ્રત્યાર્પણ માટે પણ પ્રયત્નો કરે તેવી સંભાવના છે.

અમેરિકન ન્યાય વિભાગે ભારતના બીજા ક્રમના સૌથી ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત અન્ય સાત વિરુદ્ધ અમેરિકન કોર્ટે ધરપકડ વોરન્ટ ઈશ્યુ કર્યા હતા. ગૌતમ અદાણી હાલ ભારતમાં છે. જોકે, હવે અમેરિકન કોર્ટ ગૌતમ અદાણી સહિત સાતેય અધિકારીઓના પ્રત્યાર્પણ માટે પણ પ્રયાસ કરે તેવી સંભાવના છે. આ બધા જ સામે ધરપકડ વોરંટ ઈશ્યુ કરાયા છે.

હવે અમેરિકા તેમના પ્રત્યાર્પણના પ્રયત્નો કરે તેવી શક્યતા છે.જોકે, અદાણી ગ્રૂપે અમેરિકન કોર્ટમાં લગાવાયેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે અદાણી જૂથ બધા જ કાયદાનું પાલન કરવામાં વિશ્વાસ રાખે છે. અમેરિકન ન્યાય વિભાગે ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સહિત અન્ય સાત લોકો પર મોંઘી સૌર



ઊર્જા ખરીદવા માટે આંધ્ર પ્રદેશ અને ઓડિશાના અધિકારીઓને લાંચ આપવાનો આરોપ મૂક્યો છે. જોકે, તેમાં અધિકારીઓના નામનો ખુલાસો કરાયો નથી. આ પ્રોજેક્ટથી અદાણી ગ્રૂપને ૨૦ વર્ષથી વધુ સમયમાં ૨૦૦ કરોડ ડોલરથી વધુનો લાભ થવાનો અંદાજ છે.

ભારતીય મૂળના અમેરિકન વકીલ રવિ બત્રાએ કહ્યું કે, અમેરિકન એટર્ની બ્રાયન પીસ પાસે ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો વિરુદ્ધ ધરપકડ વોરન્ટ ઈશ્યુ કરવા અને તેઓ જ્યાં રહે છે તે દેશમાં તેની બજવણી કરવાનો અધિકાર છે. અમેરિકન કાયદા મુજબ સંબંધિત દેશ સાથે પ્રત્યાર્પણની સંધી હોય તો અમેરિકા જે-તે દેશ પર તેના માટે દબાણ કરી શકે છે.

આ એક પ્રક્રિયા છે, જેનું સંબંધિત દેશે તેના કાયદાઓને અનુરૂપ પાલ કરવું જોઈએ.ભારત અને અમેરિકા વચ્ચે વર્ષ ૧૯૯૭માં પ્રત્યાર્પણ સંધી થઈ હતી. જોકે, પ્રત્યાર્પણ અત્યંત દુર્લભ પરિસ્થિતિઓના અભાવમાં થાય છે.

ચીલીના પૂર્વ પ્રમુખ ઓગસ્ટો પિનોશેના કેસમાં આવું જ જોવા મળ્યું હતું. બ્રિટને માનવીય આધાર પર તેમનું પ્રત્યાર્પણ કર્યું નહોતું. જોકે, ગૌતમ અદાણી અને અન્ય ૭ લોકો પરના કેસમાં આ ઉદાહરણ લાગુ પડે તેવું ભાગ્યે જ જણાય છે. વધુમાં ગૌતમ અદાણી પર લાગેલા આરોપોનું રાજકીય અને માનવાધિકાર સંબંધી ચિંતાઓનું આકલન કરવામાં આવી શકે છે. તેના પગલે પ્રક્રિયામાં વિલંબ થવાની સંભાવના છે. ગૌતમ અદાણીએ હજુ સુધી કોઈ આરોપ પર કોઈ જવાબ આપ્યો નથી. તેઓ ક્યારેય કોઈ અમેરિકન કોર્ટમાં હાજર થયા નથી. તેમનું પ્રત્યાર્પણ થાય અથવા તેઓ આત્મ સમર્પણ કરે તો તેમના વકીલ આરોપોને પડકારી શકે છે. ઉપરાંત કોર્ટમાં આ કેસના વહેલા શરૂ થવાની શક્યતા જણાતી નથી. કાયદાકીય પ્રક્રિયાઓ, પુરાવાઓ પર ચર્ચા અને અદાણી સાથે સામેલ અન્ય આરોપીઓ માટે અલગ અલગ કેસ આ પ્રક્રિયાને લાંબી ખેંચી શકે છે.જોકે, કોઈપણ કારણોસર ગૌતમ અદાણી દોષિત ઠરે તો તેમને લાંચ આપવાના આરોપમાં પાંચ વર્ષની સજા થઈ શકે છે. આ સિવાય છેતરપિંડી અને કાવતરાંના આરોપમાં ૨૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે.

# ઉત્તર પ્રદેશમાં સરકારે ૧૭ હજાર વૃક્ષો કાપી નાખ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશ સરકારે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલને જાણ કરી હતી કે સરકારને કાવડ યાત્રાના પથ પર આવતા ફોરેસ્ટ વિસ્તારમાં આશરે ૧.૧૨ લાખ વૃક્ષો હટાવવાની છૂટ મળી છે. જેને પગલે રાજ્ય સરકાર આટલા વૃક્ષોને હટાવવાની કામગીરી શરૂ કરશે. જ્યારે દિલ્હીમાં પ્રદૂષણ વચ્ચે વૃક્ષો કાપવા મુદ્દે એક અરજી થઈ છે. જેને પગલે સુપ્રીમે નિષ્ણાતોની કમિટી બનાવવા કહ્યું હતું.ઉત્તર પ્રદેશના મામલે પણ અગાઉ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલમાં એક લાખથી વધુ વૃક્ષો કાપવાના નિર્ણય સામે અરજી કરવામાં આવી હતી. જેને પગલે ટ્રિબ્યૂનલે ઉત્તર પ્રદેશના પર્યાવરણ વિભાગ પાસેથી માહિતી માગી હતી. જવાબમાં રાજ્યના પર્યાવરણ વિભાગના મુખ્ય સચીવે ટ્રિબ્યૂનલને જણાવ્યું હતું કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ કેન્દ્ર સરકાર તરફથી કાવડ યાત્રાના માર્ગ પર આવનારા ૧,૧૨,૭૨૨ વૃક્ષો કાપવાની રાજ્ય સરકારને છૂટ અને મંજૂરી મળી ગઈ છે. હાલમાં આ આશરે સવા લાખ જેટલા વૃક્ષોમાંથી ૨૫ હજારથી વધુ વૃક્ષોને કાપવા માટે પસંદ પણ કરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૭ હજારથી વધુ વૃક્ષો કાપી નખાયા છે. જોકે પીડબલ્યુડી વિભાગે ગત ઓગસ્ટ મહિનામાં જ વૃક્ષો કાપવાની કામગીરી અટકાવી દીધી હતી. જે પણ વિસ્તારોમાં વૃક્ષો કાપવાના છે તેમાં ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર વગેરેનો સમાવેશ થાય છે. અગાઉ સરકારે દાવો કર્યો હતો કે જેટલા વૃક્ષો કાપવામાં આવશે તેની સામે એટલા જ નવા વૃક્ષો ઉગાડવામાં પણ આવશે. જ્યારે દિલ્હીમાં પ્રદૂષણ વચ્ચે સુપ્રીમમાં થયેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે કે દિલ્હીમાં દર કલાકે સરેરાશ પાંચ વૃક્ષો કાપવામાં આવે છે, દર વર્ષે આ આંકડો ૪૪ હજારથી વધુ રહે છે.

### ભરૂચના જંબુસર નજીક ભયંકર અકસ્માત

# કાર ટ્રકમાં ઘુસી જતાં ૬ લોકોનાં કમકમાટીભર્યા મોત થયાં

। (એજન્સી) ભરૂચ, તા.૨૩ ।

ભરૂચના જંબુસરના મગણાદ નજીક અકસ્માતમાં હાઈવે રોડ પર પાર્ક કરેલા ટ્રકમાં કાર ઘુસી જતાં ૬ લોકોના કરૂણ મોત થયા છે. જ્યારે ચાર લોકને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે વડોદરા ખસેડાયા છે. દુર્ઘટના મોડીરાત્રીના પોણા અગિયાર વાગ્યે બની હતી. ગંભીર રીતે ઘવાયેલા ચાર ઈજાગ્રસ્તોને સારવાર માટે વડોદરા હોસ્પિટલ લઈ જવાયા છે. જંબુસરના પાંચ કડા ગામના પરિવાર ભરૂચ જઈ રહ્યો હતો આ દરમિયાન અકસ્માત નડ્યો છે. ઉલ્લેખનિય છે કે, ભરૂચના જંબુસરના મગણાદ ગામ નજીક ઉભેલી ટ્રકમાં પાછળથી ઈકો કાર અથડાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો.જેને ૬ લોકોનો ભોગ લીધો. કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા.મૃતકોમાં ૨ મહિલા, ૩ પુરુષ અને બે બાળકીનો સમાવેશ થાય છે. મૃતકો વેદચ, સાંભા પાંચકડા અને ટંકારી ગામના હતા.આ બંને પરિવાર ભરૂચના શુકલતીર્થ ગામે મેળામાંથી ઘરે પરત ફરી રહ્યાં હતા. એ દરમ્યાન અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે, ઈકો કારનું પતરું ચીરી લોકોને બહાર કઢાયા હતા.આ અકસ્માતાં સપનાબેન જયદેવ ગોહિલ, જયદેવ ગોવિંદભાઈ ગોહિલ કીર્તિકાબેન અર્જુનસિંહ ગોહિલ, હંસાબેન અરવિંદ જાદવ, સંધ્યાબેન અરવિંદ જાદવ, વિવેક કુમાર ગણપતે જીવ ગુમાવ્યો છે. તો ઈજા પામનાર નિધિ બહેન નીધીબેન ગણપત, મિતલબેન ગણપ, ગણપતભાઈ રમેશભાઈ, અરવિંદભાઈ રયજીભાઈનો સમાવેશ થાય છે. ભયંકર રોડ અકસ્માતની જાણ થતાં જંબુસરના ધારાસભ્ય ડી.કે.સ્વામી અધિકારીઓ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતાં.

# શેરબજારમાં વધુ નફાની લાલચમાં મેનેજરે ૯૨.૧૦ લાખ ગુમાવ્યા

### ખાનગી કંપનીના મેનેજરે શેરબજારમાં રોકાણ કરી નફો કમાવવાની લાલચમાં ૯૨.૧૦ લાખ ગુમાવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સાયબર ગઠિયા ફરી એક્ટિવ થયા છે. છેલ્લા ત્રણ દિવસમાં શહેરના ૯ લોકોને ટાર્ગટ કરી કરોડો રૂપિયા પડાવવામાં આવ્યા છે. ખાનગી કંપનીના મેનેજરે શેરબજારમાં રોકાણ કરી નફો કમાવવાની લાલચમાં ૯૨.૧૦ લાખ ગુમાવ્યા હતા.



જુદા જુદા ટાસ્કમાં રિવ્યૂ આપીને રોજ હજાર રૂપિયા કમાવવાની લાલચ આપી સાયબર ગઠિયાએ અન્ય યુવકના ૧૧.૬૬ લાખ પડાવ્યા હતા. ઉપરાંત, ૮૭ વર્ષના વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરીને ગઠિયાએ ૨૩ લાખનો ચૂનો લગાવ્યો હતો.મોટેરાના સંપત સેન્ટરમાં રહેતો અંશુમાન ત્રિપાઠી (૩૮) એરપોર્ટની ખાનગી કંપનીમાં મેનેજર છે. ગત માર્ચમાં અશુંમાન ત્રિપાઠીએ ઈન્સ્ટાગ્રામ આઈડીની પર એક જાહેરાત જોઈ હતી. તેના પર ક્લીક કરતાં તે એક વોટસએપ ગ્રૂપમાં એડ થયા હતા. તેના એડમિન તરીકે દીપક રાજ હતા અને નીતા ત્રિવેદી પણ જુદી જુદી ટીપ્સ આપતા હતા. આ ગ્રૂપમાં ૧૮૦ મેમ્બર હતા. દીપક રાજે અંશુમાનને તેના વોટસએપ નંબર પર જુદા જુદા શેરની ટીપ્સ આપવાની શરૂઆત કરી હતી.

શેરબજારમાં રોકાણ કરીને તેની પ્રોફાઈલમાં ઘણો નફો થતો હોવાનું પણ જોવા મળતું હતું. અંશુમાને આ ટીમની ટીપ્સને આધારે શેરબજારમાં રૂ. ૯૨.૭૮ લાખનું રોકાણ કર્યુ હતું. એક વખત તેણે રૂપિયા વિડ્રો કરવા રિકવેસ્ટ નાખી હતી. આ રિક્વેસ્ટને આધારે તેને રૂ. ૬૮ હજાર પરત મળ્યા હતા. તેણે બીજી વખત રિક્વેટસ મોકલતાં રૂપિયા મળ્યા નહોતા. આમ અંશુમાનને અહેસાસ થયો હતો કે તે છેતરાયો છે. તેને પગલે તેણે પોતાની સાથે સાયબર ગઠિયા દ્વારા કરવામાં આવેલી ૯૨.૧૦ લાખની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવતાં સાયબર ક્રાઈમ બ્રાંચ તપાસ શરૂ કરી છે.

શાહીબાગમાં રહેતો સચિન રમેશચંદ્ર ભાવસાર (૩૪) ચાંગોદરની એક કંપનીમાં લોજિસ્ટિક સિનિયર એકઝ્યુક્યુટિવ છે. સચિનના ઈન્સ્ટાગ્રામ પર પ્રતિમા નામની યુવતીનો મેસેજ આવ્યો હતો. તેણે ઘરે બેઠા પાર્ટટાઈમ કામ કરીને રોજના ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા કમાવવાની વાત કરી હતી.

સચિનને રસ પડતાં તેણે પૂછપરછ કરી ત્યારે સામે છેડેથી જણાવવામાં આવ્યું હતું કે કાર રેન્ટલ સર્વિસ આપતી કંપનીને કાર રિવ્યૂ આપવાના છે. જુદા જુદા ટાસ્કમાં તમને કમિશન મળશે. સચિને સામે છેડેથી જે સૂચના મળી તે મુજબ યૂઝર આઈડી બનાવી કામ શરૂ કર્યું હતું.

પહેલા જ ટાસ્કમાં તેને રૂ. ૧૫૦૦ કમિશન મળ્યું હતું. તેથી સચિનને વિશ્વાસ બેઠો હતો. જુદા જુદા ટાસ્કમાં સચિનને રૂ. ૧૭૪૫૨ કમિશન મળ્યું હતું. બાદ એડવાન્સ ટાસ્કમાં તેને રૂપિયા ભરવાનું કહેવામાં આવ્યું હતું. લાલચમાં આવેલા સચિને રૂપિયા કમાવવાની લાલચમાં રૂ. ૧૧.૬૬ લાખ ગુમાવ્યા હતા. આ અંગે તેની ફરિયાદને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

# ડબ્બા ટ્રેડિંગના મુખ્ય આરોપીની પોલીસે કરી આખરે ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ગુજરાતમાં સટ્ટા અને ડબ્બા ટ્રેડીંગની તપાસ કરી રહેલી પોલીસને વધુ એક મહત્વની સફળતા મળી છે. ડબ્બા ટ્રેડિંગનો મુખ્ય આરોપી સેધાજી જેસંગજી ઠાકોર મહેસાણા પોલીસે ઝડપી પાડ્યો છે. સેધાજી જેસંગજી ઠાકોર વડનગર અને વિસનગર વિસ્તારના ડબ્બા ટ્રેડિંગનો મુખ્ય આરોપી છે.આરોપી સેધાજી જેસંગજી ઠાકોર અમદાવાદની KD હોસ્પિટલમાં પથરીની સારવાર માટે પહોચ્યો હતો. મહેસાણા LCB પોલીસને બાતમી મળતા KD હોસ્પિટલમાંથી સેધાજી જેસંગજી ઠાકોરને ઝડપી પાડ્યો છે. આરોપી સેધાજી ઠાકોર ડબ્બા વિરૂદ્ધ ટ્રેડિંગના હાલમાં ૫થી વધુ ગુના નોંધાયેલા છે અને ખૂન, લૂંટ, ધાડના ગુનાઓમાં પણ સંડોવાયેલો છે.આરોપી સેંધાજી ઠાકોર ૨૦૧૭થી ૨૦૨૦ સુધી મુખ્ય ભેજાબાજ હિમાંશુ ઉર્ફે પીન્ટુ ભાવસારના ત્યાં દલાલ સ્ટોકમાં કોલર હતો. કોલરમાંથી પોતે જ રાજ્ય અને આંતર રાજ્યમાં નવું ગ્રુપ બનાવી દીધું હતું. પોતાનું નવું ગ્રુપ બનાવી નવા કોલર બનાવી પોતે મેનેજર બની ડબ્બા ટ્રેડિંગ કરતો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## બોટાદમાં યુવાન પર સરાજાહેર છરીના ઘા ઝીંકી હુમલો

। (એજન્સી) બોટાદ, તા.૨૩ ।

શહેરનાં તુલસી નગર - ૧માં એક યુવાન પર સરાજાહેર છરીના પાંચ થી છ ઘા ઝીંકી હુમલો કરાયો હતો. ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. બોટાદ શહેરનાં ઢાકણીયા રોડ પર આવેલ તુલસી નગરમાં રહેતા હિતેશ વજુભાઈ મહેરિયા નામના યુવાન પર છરીના ઘા ઝીંકી હુમલો કરાયો હતો. આ હુમલામાં હિતેશને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે સબિહા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડોક્ટર નર્સિંગ સ્ટાફ દ્વારા શરૂ ઈજાગ્રસ્ત હિતેશની સારવાર કરવામાં આવી પરંતુ હિતેશ મહેરિયાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.હોસ્પિટલ ખાતે સગા સંબંધીઓ અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો હોસ્પિટલ પહોચી તપાસ હાથ ધરી છે.

## સુરતમાં ધોળા દિવસે જ્વેલરી શોપમાં દુકાનદારના ગળા કાપી લૂંટનો પ્રયાસ

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરતના ભેસ્તાનમાં ધોળે દહાડે ઝવેરીની દુકાનમાં લૂંટ ચલાવાઈ હતી. જોકે, દુકાન માલિક અને કારીગરે પ્રતિકાર કરતાં બંનેના ગળા કાપીને ત્રણેય લૂંટારુ ભાગી છૂટ્યા હતાં. એક લૂંટારૂને લોકોએ પકડી પાડ્યો હતો. બાકીના બે ભાગી છૂટવામાં સફળ થયા હતાં. લૂંટારૂઓએ ગળા ઉપર ચાકુ ફેરવતાં જ્વેલરી શોપના માલિક અને કારીગર બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.શહેરના ઉધના-નવસારી મેઈનરોડ ઉપર ભેસ્તાન ચાર રસ્તા પર આવેલી શાંતિનાથ જ્વેલર્સની દુકાનમાં લૂંટનો પ્રયાસ થયો હતો. બપોરે ૨થી ૨.૩૦ વાગ્યાની આસપાસ ૩ લૂંટારૂઓ તિક્ષ્ણ હથિયારો સાથે ઘુસી આવ્યાં હતાં.

### વાવમાં છેલ્લી ઘડીએ બાજી પલટાઈ

# ભાજપ ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની ૧૩૦૦ મતે જીત

### ૨૧ રાઉન્ડ સુધી લીડમાં આગળ રહેલા કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતની પાતળી સરસાઈથી હાર થઈ

। (એજન્સી) વાવ, તા.૨૩ ।

બનાસકાંઠાની વાવ બેઠક પરની પેટા ચૂંટણીના પરિણામ સામે આવ્યા છે. વાવ બેઠક પર કાંટે કી ટક્કર બાદ ભાજપની જીત થઈ છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સ્વરુપજી ઠાકોર વાવ બેઠક પર ૧૩૦૦ મતે વિજેતા બન્યા છે. વહેલી સવારથી વાવ બેઠક પર મતગણતરી શરુ થઈ હતી. ૧૨ રાઉન્ડ સુધી કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત આ બેઠક પર આગળ ચાલી રહ્યા હતા.

વાવ વિધાનસભાની પેટાચૂંટણીની મતગણતરી પાલનપુરના જગાણામાં આવેલ સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં કરવામાં આવી હતી. સૌથી પહેલા બેલેટ પેપરની મતગણતરી થઈ હતી.

બેલેટ પેપરની મતગણતરી પૂર્ણ થયા બાદ ૩૨૧ બુથના ઈવીએમની ૨૩ રાઉન્ડની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. વાવ વિધાનસભાની પેટાચૂંટણી માટે કુલ ૭૦.૫૫ ટકા મતદાન થયું હતું.

વાવ બેઠકની પેટા ચૂંટણીમાં અંતે ભાજપના સ્વરૂપજી ઠાકોર જીતી ગયા છે. છેક ૨૧ રાઉન્ડ સુધી લીડમાં આગળ રહેલા કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતની પાતળી સરસાઈથી હાર થઈ છે. જ્યારે બળવો કરીને અપક્ષ તરીકે ઊભેલા માવજીભાઈ પટેલને ૨૬ હજાર કરતાં વધુ મત મળ્યા છે. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાઓની સાથે વાયનાડ લોકસભા બેઠક ઉપરાંત દેશમાં ગુજરાત, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, કેરળ સહિત રાજ્યોમાં વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી જેનાં પરિણામ આજે જાહેર થઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં ભાજપ ગઠબંધન પ્રચંડ બહુમતી સાથે જીત તરફ આગળ વધી રહ્યું છે તો ઝારખંડમાં હેમંત સોરેનના નેતૃત્વ હેઠળ જેએમએમ-કોંગ્રેસની યુતિ ભારે બહુમતી સાથે જીતી રહી છે.

ગુજરાતમાં વાવ બેઠકની પેટા ચૂંટણી પણ આ સાથે જ યોજાઈ હતી. આજે સવારે તમામ બેઠકોની એક સાથે મતગણતરી શરૂ થઈ હતી જેમાં વાવ બેઠક ઉપર કોંગ્રેસના ગુલાબસિહ રાજપૂતે છેક છેવટ સુધી લીડ



જાળવી રાખી હતી. જોકે, ૧૮મા રાઉન્ડની ગણતરી પછી તેમની લીડમાં ઘટાડો થવા લાગ્યો હતો અને ૨૧મા રાઉન્ડમાં લીડ માત્ર ૩૪૦ મતની રહી ગઈ હતી. ૨૨ રાઉન્ડની ગણતરી પૂરી થઈ ત્યારે આખી બાજી પલટાઈ ગઈ હતી અને ભાજપના સ્વરૂપજી ઠાકોર ૧૦૯૯ મતે આગળ નીકળી ગયા હતા અને અંતે ૨૩મા રાઉન્ડ બાદ ૨૩૫૩ કરતાં વધુ મતે આગળ હતા અને તેમની જીત નિશ્ચિત મનાય છે.

૨૪મા રાઉન્ડમાં ભાજપના સ્વરૂપજી ઠાકોર ૯૨,૧૨૯ મત મેળવી ૨૪૩૬ મતની લીડ સાથે આગળ હતા. આ રાઉન્ડમાં કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને ૮૯,૬૯૩ મત મળ્યા હતા. વાવ બેઠક ઉપર એક તબક્કે કોંગ્રેસના ગુલાબસિહ રાજપૂત ૧૩,૦૦૦ કરતાં વધુ મતની સરસાઈ ધરાવતા હતા પરંતુ એ સરસાઈ જેમ જેમ મત ગણતરીના રાઉન્ડ આગળ વધ્યા તેમ તેમ ઘટવા લાગી હતી. આ બેઠક ઉપર અપક્ષ તરીકે ઊભેલા માવજીભાઈ પટેલ ૨૨મા રાઉન્ડને અંતે ૨૭,૧૭૩ મત મેળવી શક્યા હતા.

આ પેટા ચૂંટણીમાં વાવ બેઠક ઉપર કુલ ૧૦ ઉમેદવારો મેદાનમાં હતા પરંતુ મુખ્ય લડાઈ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હતી. જોકે માવજીભાઈ પટેલ સતત એવું કહેતા રહ્યા હતા કે, વાવ બેઠક ઉપર ભાજપ તો ક્યાંય ચિત્રમાં જ નથી અને અસલી લડાઈ તેમની અને કોંગ્રેસની વચ્ચે છે. અલબત્ત, મતદારોએ અપક્ષ ઉમેદવાર માવજીભાઈને ત્રીજા સ્થાને સ્થાને રાખ્યા એ વાત અલગ છે. વાવની પેટા ચૂંટણીમાં ચોથા ક્રમે સૌથી વધુ મત મેળવનાર નોટા (NOTA) છે. કુલ મતદારો પૈકી ૩૩૪૩ મતદારોએ નોટાનું બટન દબાવ્યું હતું.

## મને જીતનો ૧૦૦ ટકા વિશ્વાસ હતો, વાવની જનતાએ મને આશીર્વાદ આપ્યા

વાવ પેટાચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત થઈ છે. જેથી ગુજરાતમાં હાલ ઠેર ઠેર ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓમાં જશ્નનો માહોલ છે. ૭ વર્ષ બાદ ભાજપે વાવની સીટ પર કબજો મેળવ્યો છે. ત્યારે આ સમયે વાવ ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે મહત્વનું નિવેદન આપ્યું છે. પોતાની જીત બાદ સ્વરૂપજી ઠાકોરે મીડિયા સમક્ષ આવીને સૌથી પહેલા તો તેમણે વાવની જનતાનો આભાર માન્યો કે જેમણે સ્વરૂપજીને જીતાડ્યા. સાથે જ સ્વરૂપજી ઠાકોરે મીડિયા સમક્ષ આવીને નિવેદન આપ્યું કે મને જીતનો ૧૦૦ ટકા વિશ્વાસ હતો. ઉપરાંત તેમણે કહ્યું કે વાવની જનતાએ મને આશીર્વાદ આપ્યા છે. વધુમાં સ્વરૂપજી ઠાકોરે અઢારેય આલમનો આભાર પણ માન્યો હતો. જોકે આ ચૂંટણીમાં ગુલાબસિંહની કિસ્મત આ વખતે થરાદ પછી વાવમાં પણ ન ચમકી અને તેમને ભાજપ તરફથી હાર મળી છે.ગુલાબસિંહ રાજપૂત તેમની પરંપરાગત બેઠક થરાદ પર વર્ષ ૨૦૧૯માં યોજાયેલી પેટાચૂંટણીમાં લગભગ ૬૦૦૦થી વધુ મતોથી જીત્યા હતા પરંતુ આ પછી વર્ષ ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત લોકસભાની ચૂંટણીમાં ૧૭૦૦૦ જેટલા મતોથી ભાજપના શંકરભાઈ ચૌધરી સામે હારી ગયા હતા. આ પછી ગુલાબસિંહ રાજપૂતની પસંદગી કોંગ્રેસ મૌડીમંડળ દ્વારા ગેનીબેનની ખાલી પડેલી બેઠક માટે કરવામાં આવી હતી. ગુલાબસિંહ રાજપૂત પોતાના ઘરમાં મળેલી હાર બાદ ગેનીબેનની વાવ બેઠક ખાલી પડતા ત્યાં કિસ્મત ચમકાવવા માટે પહોંચ્યા હતા. આ બેઠક પર ગેનીબેનનો દબદબો હતો પરંતુ પેટાચૂંટણીમાં ત્રિપાંખિયા જંગ વચ્ચે ગુલાબસિંહની હાર થઈ છે. ગુલાબસિંહ રાજપૂતને ૨૩મા રાઉન્ડના અંતમાં ૮૯૪૦૨ મત મળ્યા છે, જ્યારે ભાજપના સ્વરૂપજી ઠાકોરને ૯૧૭૫૫ મત મળ્યા છે.

### સરકાર ન બને તો EVMમાં ગરબડી અને બને તો...

મહારાષ્ટ્ર, ઝારખંડ વિધાન સભાનું આજે પરિણામ જાહેર થયું છે. સાથે જ ગુજરાતની વાવ વિધાન સભાની પેટાચૂંટણીનું પરિણામ પણ જાહેર થઈ ચૂક્યું છે અને મહારાષ્ટ્ર અને ગુજરાતના વાવમાં ભાજપનો ભગવો લહેરાયો છે. સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં ભાજપ નેતાઓમાં ખુશી જોવા મળી હતી. ચિંતન શિબિરમાં આવેલા ભાજપના નેતા અને મંત્રી ઋષિકેશ પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે ગુજરાતમાં લોકોનો વિશ્વાસ અમે જીત્યો છે, ગુજરાતમાં તો ભાજપની સરકાર છે જ પરંતુ હવે વાવના સ્વરૂપસિંહ વિધાનસભાના ધારાસભ્ય બની ચુક્યા છે. તો મહારાષ્ટ્રમાં જે પ્રમાણેની ચર્ચાઓ થતી હતી.

### માંડલ અંધાપાકાંડ મામલે સુઓમોટોમાં કોર્ટ મિત્રે 'ખ્યાતિ હોસ્પિટલકાંડ'નો ઉલ્લેખ કર્યો

## ખ્યાતિ હોસ્પિટલકાંડ મુદ્દે રાજ્ય સરકાર તપાસ કરી જ રહી છે: હાઇકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

માંડલની શ્રી રામાનંદ આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૧૭ જેટલા દર્દીએ આંશિક અને સંપૂર્ણ રીતે આંખોની દૃષ્ટિ ગુમાવતાં સર્જાયેલા અંધાપા કાંડ મુદ્દે સુઓમોટો રિટમાં શુક્રવારે સુનાવણી થઈ હતી. ત્યારે કોર્ટ મિત્ર દ્વારા તાજેતરના વિવાદીત ખ્યાતિ હોસ્પિટલની ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એના જવાબમાં ટકોર કરી હતી કે,'રાજ્ય સરકાર આ મામલે યોગ્ય તપાસ કરી જ રહી છે.' કોર્ટમિત્રે કહ્યું હતું કે હોસ્પિટલો દ્વારા યોજાતા મેડિકલ કેમ્પને પણ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ આવરી લેવા જોઈએ. જેથી કરીને તેમની જવાબદારી નક્કી કરી શકાય. બીજી તરફ રાજ્ય સરકારે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન માટે છ હજાર સંસ્થાઓએ અરજી કરી હોવાનું જણાવ્યું હતું. શુક્રવારે કેસની સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલભાઇ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે રાજ્યમાંથી છ હજાર સંસ્થાઓએ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવા અરજી કરી છે. ડિસ્ટ્રિક્ટ રેગ્યુલેટરી ઓથોરિટીના ગઠનનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. ઓનલાઈન પોર્ટલ ઉપર પણ રજીસ્ટ્રેશન કરવા માટેની સુવિધા અપાઇ છે. છ હજાર અરજીઓ પૈકી ૨,૯૨૭ સંસ્થાઓને પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યું છે. જ્યારે બીજી અરજીઓ પ્રક્રિયા હેઠળ છે. ૧૦૫૦ અરજીઓ ઓફલાઈન મળી છે તેને પણ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અપાયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,'જે મેડિકલ સંસ્થાઓ ક્લિનિકલ એસ્ટાબ્લિમેન્ટ એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન નથી કરાવતી તેમને નોટિસ આપવામાં આવશે. અત્યાર સુધીમાં ૫૧૨ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે. આ હોસ્પિટલોની સ્થળ તપાસ માટે ટીમ પણ બનાવવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ રેગ્યુલેટરી ઓથોરિટીમાં ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર મુખ્ય વડા હોય છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ રેગ્યુલેટરી ઓથોરિટીની રચના કરવામાં આવી છે. જો કે ક્લિનિકલ એસ્ટાબ્લિમેન્ટ એક્ટ ઉપર હજુ રૂલ્સ બનાવવાના બાકી છે. તેથી હાઈકોર્ટે આ કેસની વધુ સુનાવણી હવે જાન્યુઆરીમાં રાખી છે. આ મામલે હાઈકોર્ટે અખબારી અહેવાલના આધારે ૧૭મી જાન્યુઆરીએ સુઓમોટો રિટ લીધી હતી. જેમાં વૃદ્ધ દર્દીઓએ મોતિયાના ઓપરેશન બાદ આંશિક અથવા સંપૂર્ણ રીતે તેમની આંખોની દ્રષ્ટિ ગુમાવ્યાનો ચોંકાવનારા સમાચારો પ્રકાશિત થયા છે.

### અમદાવાદ જિલ્લામાં હિંસા નાબૂદી અભિયાનની ઉજવણીનું આયોજન

# ૨૫ નવેમ્બરથી ૧૬ દિવસ સુધી હિંસા મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણી કરવામાં આવશે

### મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલાલક્ષી કાયદાઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે

। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ જિલ્લામાં મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૪(મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી દિવસ)થી તા.૧૦ ડિસેમ્બર, ૨૦૨૪(માનવ અધિકાર દિવસ) એમ કુલ ૧૬ દિવસ સુધી મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણી કરવામાં આવશે.

ઘરેલું હિંસા કાયદો-૨૦૦૫ અંતર્ગત સેમિનાર, મહિલા હેલ્પલાઈન ૧૧૨,૧૮૧, ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ અંતર્ગત પ્રચાર પ્રસાર કાર્યક્રમ, બાળ લગ્ન પ્રતિબંધિત અધિનિયમ, ૨૦૦૬નો

જાગૃતિ કાર્યક્રમ, સાયબર સેફટી અંગે જાગૃતતા સેમિનાર, પોકસો એક્ટ-૨૦૧૨ અંતર્ગત કાર્યક્રમ, કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતિય સતામણી અધિનિયમ- ૨૦૧૩ કાર્યક્રમ, બેટી બચાઓ, બેટી પઢાઓ અંતર્ગત ગુડ ટચ, બેડ ટચની સમજ આપતો કાર્યક્રમ, જાતિગત સંવેદનશીલતા અંગે જાગૃતતા કાર્યક્રમ, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અધિકાર અંગે પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ ઉજવણીમાં મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણીમાં અમદાવાદ મહિલા અને બાળ અધિકારીની કચેરી , અમદાવાદ પોલીસ વિભાગ, ડિસ્ટ્રિક્ટ લિગલ ઓથોરીટી, અમદાવાદ જિલ્લા બાળ સુરક્ષા એકમ, અમદાવાદ સખી વન સ્ટોપ સેન્ટરનો સ્ટાફ, અમદાવાદ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરનો સ્ટાફ, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનનો સ્ટાફ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેનના સ્ટાફ, શાળા/ કોલેજના શિક્ષકગણ તેમજ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, મહિલા કલ્યાણ કેન્દ્રો, બિન સરકારી સંસ્થાઓ સહભાગી થશે.

## વાપી જીઆઇડીસીને દેશના સૌથી સ્વચ્છ અને સુંદર જી આઇડીસીનો એવોર્ડ મળ્યો

। (એજન્સી) વાપી, તા.૨૩ ।

કેન્દ્ર સરકાર ના વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાતની વાપી જીઆઈડીસીને દેશના સૌથી સ્વચ્છ અને સુંદર જીઆઈડીસીનો એવોર્ડ મળ્યો છે. કેન્દ્ર સરકાર ના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી દ્વારા વાપીને આ એવોર્ડ જાહેર કરાયો છે. છેલ્લા કેટલાક સમયથી વાપી જી આઈ ડી સી માં સ્વચ્છતા અને પ્રાથમિક સુવિધા જેવી પાણી લાઈટ રસ્તા અને પોકેટ ગાર્ડન અને વૃક્ષા રોપણ અને સહિત ની સુવિધા વધારો કર્યો છે અને ખાસ કરી ને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવા માં આવે છે. આથી સમગ્ર દેશના ઔદ્યોગિક વિસ્તારોમાં વાપીને સૌથી સ્વચ્છ વિસ્તારનો એવોર્ડ મળતા વાપીમાં અને ઉદ્યોગ જગત માં ઉત્સાહ નો માહોલ છે. દિલ્હીમાં આયોજિત ૯૭મા ફિક્કી વાર્ષિક સામાન્ય સભામાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલની ઉપસ્થિતિમાં દેશના 'સ્વચ્છ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ' માટેના પુરસ્કારોની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં વાપીને દેશના સૌથી સ્વચ્છ જીઆઈડીસી વિસ્તાર માટે પસંદ કરવામાં આવ્યું છે.વાપી ને આ પુરસ્કાર મળતા વાપી ના ઉદ્યોગો મા ઉત્સાહ નો માહોલ છે.વાપી રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ નું હોમ ટાઉન છે અને તેઓ પણ આ વિસ્તારના વિકાસ માટે યોગદાન યોગદાન આપ્યું છે. આ પુરસ્કાર GIDC દ્વારા ઉધોગકારોને પુરુ પાડવામાં આવતી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રોડ, પાણી, ભુગર્ભ ગટર, સ્ટ્રીટ લાઈટ અને સ્વચ્છ અને પર્યાવરણ ના જતન માટે કરવામાં આવતા પ્રયાસો ને ધ્યાન માં લેવામાં આવે છે.

### સર્કલની રાજનીતિને લઈ ગરમાયું રાજકારણ

# વડોદરામાં ચાર રસ્તા પર સર્કલના નામકરણને લઈ વિવાદ થયો

### ગોત્રી વાસણા ચાર રસ્તા પર સર્કલ બનાવી નીલાંબર સર્કલ નામ આપી દીધું જેને લઈ સ્થાયી સમિતિ સભ્ય અને ભાજપ કોર્પોરેટર નીતિન દોંગા નારાજ થયા

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

વડોદરામાં ચાર રસ્તા પર સર્કલના નામકરણને લઈ વિવાદ થયો છે. બિલ્ડરો દ્વારા સર્કલ બનાવી પોતાના ગ્રુપનું નામ લખી દેતા ભાજપ કોર્પોરેટર અને સ્થાયી સમિતિ સભ્ય વિરોધમાં આવ્યા છે. સર્કલની રાજનીતિને લઈ કેમ રાજકારણ ગરમાયું છે. વડોદરા ગોત્રી વિસ્તારમાં બે બિલ્ડર ગ્રુપ દ્વારા ચારા રસ્તા પર સર્કલ બનાવી પોતાનું નામ લખી દેવામાં આવ્યું છે. જેને લઈ વોર્ડ ૧૦ ના ભાજપ કોર્પોરેટર નીતિન દોંગા ખુલીને વિરોધમાં આવ્યા છે. નીતિન દોંગાએ સર્કલની રાજનીતિ શરૂ કરી છે. યશ કોમ્પ્લેક્ષ ચાર રસ્તા પર સનસિટી ગ્રુપ દ્વારા સર્કલ બનાવી સનસિટી સર્કલ નામ આપી દીધું હતું, તેવી જ રીતે નીલાંબર ગ્રુપ દ્વારા ગોત્રી વાસણા ચાર રસ્તા પર સર્કલ બનાવી નીલાંબર સર્કલ નામ આપી દીધું. જેને લઈ સ્થાયી સમિતિ સભ્ય અને ભાજપ કોર્પોરેટર નીતિન દોંગા નારાજ થયા છે. નીતિન દોંગાએ આજે નીલાંબર સર્કલનું નામ બદલી લાલગુરુ સર્કલ કરી દીધું. તેમજ બિલ્ડરના નામની તકતી તોડીને ફેંકી દીધી. આ ઉપરાંત તખતી પર કેસરી કલર લગાવી દીધો.

જેને લઈ બિલ્ડરના માણસો અને કોર્પોરેટર સામસામે આવી ગયા. બંને વચ્ચે જાહેર રોડ પર જ ઉગ્ર બોલાચાલી થઈ. જેથી બિલ્ડર દ્વારા કોર્પોરેટર નીતિન દોંગા વિરૂધ્ધ ગોત્રી પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી. નીતિન દોંગાએ કહ્યું કે બિલ્ડરો દ્વારા મંજૂરી વગર સર્કલ બનાવી નામકરણ કરી દેવાયું છે.

સર્કલના નામકરણના વિવાદ મામલે પાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન ડો શીતલ મિસ્ત્રીએ કહ્યું કે નવા બનેલા રોડ પર સર્કલનું નામકરણ મ્યુનિસિપલ કમિશનરની મંજૂરીથી થાય છે. વર્ષ ૨૦૦૪થી સ્થાયી સમિતિએ નવા રોડ પર નામકરણને લઈ મ્યુનિસિપલ કમિશનરને સત્તા આપી હતી. બિલ્ડરો દ્વારા કયા આધારે નામ આપ્યું તેની તપાસ કરીશું.

